Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४३९, आश्विन. आत्म संवत् १८ [ अंक ३ जो.

॥ ॐ ॥

## रैवताचल मंडन श्री नेमिनाथ प्रभु–स्तुति.

### શાર્દૂલ વિક્રીડિત.

સંકેતે પ્રભું પ્રેમ પૂર્વ ભવનો, દાખી ગયાંબા વને,
આવી રાજુલ વાં પછી શિવ વૅર્યાં, સાથે મળી ત્યાં કને;
આચારી બ્રૅહ્મ નો નહિં અવનિમાં, તારા સમો હે! વિભો,
વંદૂ રૈવત તિર્થના અધિશ એ, શ્રી નેમિનાથ પ્રભો. ૧

( જિજ્ઞાસુ ઉમેદવાર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ૠષભ જિન—સ્તવન.

( લેખક—ડી. જી. શાહ, આણંદપુરવાળા. મુ. પાલીતાણા. )

ઇડર આંબા આંબલીરે—એ રાગ.

પૂરવ પુન્યે પામીયોરે, મુક્તિ પુરી દાતાર,
શરણે આવ્યો સાહિબારે, સેવક ધારી તાર.
રિખવ જિન સફલી હો મુજ આશ;
મારાં પાપ થયાં સવિ નાશ. રિખવ૦ (૧)

હું અવગુણે અતિ ભર્યો રે, તું નિર્મળ ગુણ ખાણ;
રાગ તણે વશ હું પડયો રે, તેં કીધી તેહની હાણ. રિખવ૦ (૨)

પુદ્ગલને બાહ્ય પોષવારે, આચર્યો અતિ અધર્મ;
ધર્મ ધર્મ કરી ફર્યો રે, જાણ્યો ન ધર્મનો મર્મ. રિખવ૦ (૩)

છું નિર્ગુણી ગુણી નહિ રે, જોવા પર અપવાદ;
પાય દાવાનલ મુજ બળે રે, પરગુણે વિખવાદ. રિખવ૦ (૪)

ક્રોધે અહનિશ ધમધમ્યો રે, સમતા સાગર તુજ;
માયાનું આવરણ નડે રે, કાપો દુઃખ આ મુજ. રિખવ૦ (૫)

પારસમણીના સંગથી રે, લોખંડ હેમજ થાય;
ગટર નીર ગંગા ભળી રે, ગંગાજલ ગણાય. રિખવ૦ (૬)

તેમજ સાહિબ તુમ તણા રે, સંગે શિવ પમાય;
કર્પૂર પસાયે મહેર કરો રે, તો "દિલખુશ" ગુણી થાય. રિખવ૦ (૭)

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ नमः सद्गुरुभ्यः

# श्री गुरुप्रदक्षिणाकुलक.

( મૂળ અને ભાષાંતર. )

गोअम सुहम्म जंबू, पभवो सिज्जंभवाइ आयरिआ;
अन्नेवि जुगप्पहाणा, पई दिट्ठे सुगुरु ते दिट्ठा. (१)

ભાવાર્થ;—હે સદ્ગુરૂજી ! આપનું દર્શન કર્યે છતે શ્રી ગૌત્તમસ્વામી, શ્રી સુધર્માસ્વામી, શ્રી જંબૂસ્વામી, શ્રી પ્રભવ સ્વામી, અને શ્રી સ્વયંભવ આદિક આચાર્ય ભગવંતો તેમજ બીજા પણ યુગ પ્રધાનોનું દર્શન કર્યું માનું છું. ( ૧ )

अज्ज कयथ्थो जम्मो, अज्ज कयथ्थं च जीविअं मज्ज;
जेण तुह दंसणामय, रसेण सत्ताइं नयणाइं. (२)

ભાવાર્થ,—આજ મારો જન્મ કૃતાર્થ થયો, આજ મારૂં જીવિત સફળ થયું કે જેથી આપના દર્શન રૂપ અમૃત રસ વડે કરીને મારાં નેત્ર સિંચિત થયાં. અર્થાત્ આપનું અદ્ભુત દર્શન મને પ્રાપ્ત થયું. (૨)

सो देसो तं नगरं, तं गामो सोअ आसमो धन्नो;
जथ्थ पहु तुम्ह पाया, विहरंति सयावि सुपसन्ना. (३)

ભાવાર્થ;—તે દેશ, તે નગર, તે ગામ, અને તે આશ્રમ ( સ્થાન )ને ધન્ય છે કે જ્યાં હે પ્રભુ ! આપ સદાય સુપ્રસન્ન છતા વિચરો છો અર્થાત્ વિહાર કરો છો. ( ૩ )

हथ्था ते सुकयथ्था, जे किइकम्मं कुणंति तुह चल्लणे;
वाणी वहु गुण खाणी, सुगुरु गुणा वन्निआ जीए. (४)

ભાવાર્થ;—તે હાથ સુકૃતાર્થ છે કે, જે આપના ચરણે દ્વાદશાવર્ત્ત વંદન કરે છે, અને તે વાણી ( જીન્હા ) બહુ ગુણવાળી છે કે, જે વડે સદ્ગુરૂના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. (૪)

अवयरिया सूरधेणू, संजाया मह गिहे कणय वुट्ठी;
दारिद्दं अज्ज गयं दिट्ठे तुह सुगुरु मुहकमले. (५)

**ભાવાર્થ**—આપ સદ્ગુરૂનું મુખકમલ દીઠે છતે આજ કામધેનુ મારા ઘર આંગણે આવી જાણું છું તેમજ સુવર્ણ વૃષ્ટિ થઈ જાણું છું. અને આજથી મારૂં દારિદ્ર દૂર થયું માનું છું. (૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चिंतामणि सारिथ्थं, समत्तं पावियं मये अज्ज;
संसारो दूरि कओ, दिट्ठे तुह सुगुरु मुह कमले. (६)

**ભાવાર્થ**—આપ સદ્ગુરૂનું મુખ કમલ દીઠે છતે ચિંતામણિ રત્ન સદશ સમક્તિ મને પ્રાપ્ત થયું, અને તેથી સંસારનો અંત થયો માનું છું. (૬)

जा रिद्धि अमरगणा, भुंजंता पियतमाइ संजुत्ता;
सा पुण कित्तियमित्ता, दिट्ठे तुह सुगुरु मुह कमले. (७)

**ભાવાર્થ**—આપ સદ્ગુરૂનું મુખ કમલ દીઠે છતે જે રિદ્ધિ દેવતાઓ પોતાની દેવાંગનાદિક સહિત ભોગવે છે, તે મારે કંઈ હિસાબમાં નથી. (૭)

मणवयकायेहिं मए, जं पावं अज्जियं सया;
तं सव्वं अज्ज गयं, दिट्ठे तुह सुगुरु मुह कमले. (८)

**ભાવાર્થ**—આપ સદ્ગુરૂનું વદન કમલ દીઠે છતે મન, વચન, કાયાથી મેં જે પાપ આજ પર્યંત ઉપાર્જન કર્યું છે. તે બધું નષ્ટ થયું માનું છું. (૮)

दुल्लहो, जिणिंद धम्मो, दुल्लहो जीवाण माणुसो जम्मो;
लद्धेपि मणुअजम्मे, अइदुल्लहा सुगुरु सामग्गी. (९)

**ભાવાર્થ**—જીવોને સર્વજ્ઞ ભાષિત ધર્મ પામવો દુર્લભ છે, તથા મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે, અને તે મનુષ્ય જન્મ મળે છતે પણ સદ્ગુરૂ સામગ્રી મળવી અતિ દુર્લભ છે. ૯

जथ्थ न दिसंति गुरु, पच्चुसे उट्ठिएहिं सुपसन्ना;
तथ्थ कहं जाणिज्जइ, जिणवयणं अमिअसारिथ्थं. (१०)

**ભાવાર્થ**—જ્યાં પ્રભાતે ઉઠતાંજ સુપ્રસન્ન ગુરૂનાં દર્શન થતાં નથી, ત્યાં અમૃત સદૃશ જિનવચનનો લાભ શી રીતે લઇ શકાય ? (૧૦)

जह पाउसंमि मोरा, दिणयर उदयंमि कमल वणसंडा;
विहसंति तेम तच्चिय, तह अम्हे दंसणे तुम्ह. (११)

**ભાવાર્થ**—જેમ મેઘને દેખી મોરો પ્રમુદિત થાય છે, અને સૂર્યનો ઉદય થયે છતે કમળનાં વન વિકસિત થાય છે, અને તેમજ આપનું દર્શન થયે છતે અમે પણ પ્રમોદ પામીએ છીએ. (૧૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जइ सरइ सुरहि वच्छो, वसंत मासं च कोइला सरइ;
विंझं सरइ गइंदो, तह अम्म मण तुमं सरइ. (१२)

**ભાવાર્થ**—હે સદ્ગુરૂજી ! જેમ ગાય પોતાના વાછરડાને સંભાળે છે, અને જેમ કોયલ વસંત માસને ઇચ્છે છે, તથા હાથી વિંધ્યાચલની અટવીને યાદ કરે છે, તેમ અમારૂં મન ( સદાય ) આપનું સ્મરણ કર્યા કરે છે. ૧૨

वहुयां वहुयां दिवसडां, जइ मइं सुहगुरु दीठ;
लोचन बे विकसी रह्यां, हीअडइं अमिय पइठ. १३

**ભાવાર્થ**—( સ્પષ્ટાર્થ છે ) ૧૩

अहो ते निज्जिओ कोहो, अहो माणो पराजिओ,
अहो ते निरकिया माया, अहो लोहो वसीकिओ. (१४)

**ભાવાર્થ**—અહો ? ઇતિ આશ્ચર્યે ! આપે ક્રોધનો કેવો જય કર્યો છે ? માનનો કેવો પરાજય કર્યો છે ? માયાને કેવી દૂર કરી છે ? અને લોભને કેવો વશ કર્યો છે ? ( ૧૪ )

अहो ते अज्जवं साहु अहो ते साहु मद्दवं;
अहो ते उत्तमा खंती, अहो ते मुत्ति उत्तमा. (१५)

**ભાવાર્થ**—અહો આપનું આર્જવ (સરલ પણું ) કેવું ઉત્તમ છે ? અહો આપનું માર્દવ ( નમ્રપણું ) કેવું રૂડું છે ? અહો આપની ક્ષમા કેવી ઉત્તમ છે ? અને આપનો સંતોષ વૃત્તિ કેવી શ્રેષ્ઠ છે. (૧૫)

इहंसि उत्तमो भंते, इच्छाहोहिसि उत्तमो;
लोगुत्त मुत्तमंठाणं, सिद्धिं गच्छसि नीरओ. (१६)

**ભાવાર્થ**—હે ભગવંત ! આપ અહિં પ્રગટ જ ઊત્તમ છો ! વળી આપની ઇચ્છા મનોરથ વડે કરીને પણ ઉત્તમ છો અને અંતે પણ કર્મમલને ટાળીને આપ મોક્ષ નામનું સર્વોત્તમ સ્થાનજ પામવાના છો. ( ૧૬ )

आयरिय नमुक्कारो, जीवंमोअेइ भव सहस्साओ,
भावेण किरमाणो, होइ पुणो बोहि लाभाओ. (१७)

**ભાવાર્થ**—આચાર્ય મહારાજને કરેલો નમસ્કાર જીવને હજારો ગમે ભવ ભય થકી મુક્ત કરે છે. અને તે ભાવ સહિત કરવામાં આવતો નમસ્કાર જીવને સમકિતનો લાભ આપે છે. ( ૧૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आयरिय नमुक्कारो, सव्वपावप्पणासणो
मंगलाणंच सव्वेसिं, तइयं हवइ मंगलं. (१७)

**ભાવાર્થ**—ભાવાચાર્યને ભાવસહિત કરેલો નમસ્કાર સર્વ પાપને પ્રકર્ષે કરીને નાશ કરનારો થાય છે. અને તે સર્વ મંગલમાં ત્રીજું મંગલ છે ૧૮

ઇતિશમ.

લેખક,

મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# भयतोऽपिधर्मः-

"શું ભયથી પણ આરાધન કરેલા ધર્મ મહા ફળને આપનારો થાય છે ?"

લેખક—મુનિ મણિવિજયજી—મુ. લુણાવાડા

**પ્રિય વાંચક**

ભય એ શબ્દ દુનિયાના અંદર એક ભયંકર વસ્તુ છે, તેમજ દુનિયાના સર્વે પદાર્થોને વિષે બાહુલ્યતાથી ભય રહેલો છે, તેમજ ભયથી ઘણા લોકો ડરતા પણ રહે છે. તે ભયના સાત પ્રકાર છે.

यतः

इह(१)परलोगा(२)दाण(३)मकम्हा(४)आजीव(५)मरण(६)मसिलोगो(७)
सत्तभयठाणाइं, इमाइंसिध्धांत भणिआइं ॥१॥

**ભાવાર્થ**—ઇહલોક ભય (૧) પરલોક ભય (૨) આદાન ભય (૩) અકસ્માત્ ભય (૪) આજીવિકા ભય (૫) મરણ ભય (૬) અશ્લોક ભય ( અપકીર્ત્તિ ભય ) ૭

**વિવેચન**—ભય' એટલે મોહની કર્મની પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ આત્માના પરિણામના સ્થાનનો જે આશ્રય કરવો તેને ભય કહે છે. અને તેના સાત પ્રકાર છે. મનુષ્યોને સ્વજાતિય અન્ય મનુષ્યોથી અપયશ–અવર્ણવાદાદિ જે ભય ઉત્પન્ન થાય તે ઇહિલોક ભય કહેવાય. (૧) પરજાતિયાત્ એટલે મનુષ્યોને તિર્યંચ તથા દેવતા આદિથી જે ભય ઉત્પન્ન થાય તે પરલોક ભય કહેવાય. (૨) ચૌરાદિકનો ભય એટલે મ્હારા પાસે ધન્ય, ધાન્ય, લક્ષ્મી વસ્ત્ર, વસ્તુ પાત્ર છે તે ચૌરાદિક ચોરી કરીને લઇ જશે આવો ભય ઉત્પન્ન થાય તે આદાન ભય કહેવાય. (૩) બાહ્ય નિમિત્તનિર્પેક્ષ ગૃહાદિકને વિષે રહેલા મનુષ્યોને રાત્રિને વિષે જે ભય થાય તે અકસ્માત્ ભય કહેવાય. (૪) દુષ્કાળને વિષે ધન ધાન્ય વડે કરી રહિત એવો હુ કેમ કરીશ કેવી રીતે જીવીશ, અર્થાત્ દુષ્કાળ પડવાનો છે આવા શબ્દ શ્રવણ ગોચર થવાથી ( સાંભળવાથી ) મ્હારૂં શું થશે એ પ્રકારે ભય થાય તે આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવિકા ભય કહેવાય. (૫) કોઈ માણસ કહે કે હું નિમિત્ત વદુ છું ( બોલું છું ) ભાખું છું, કે તું હાલમાંજ મરી જઇશ, અથવા થોડા દિવસમાં મરીશ. ઇત્યાદિ કહ્યે છતે જે ભય ઉત્પન્ન થાય તે મરણ ભય કહેવાય. (૬) અકાર્ય કરવા નિમિત્તે તત્પર થયો હોય તે અવસરે લોકોના મુખ થકી અપવાદ નીકળે તેથકી ભય ઉત્પન્ન થાય તે અશ્લોક ( અપકીર્ત્તિ ) ભય કહેવાય છે. (૭) એવા ભયના સાત પ્રકાર છે.

વળી પણ નર્ક ભય (૧) રાજદંડ ભય (૨) અને પાપ ભય (૩) પણ કહેલા છે. શ્મશાનને વિષે કાઉસ્સગ્ગ ધ્યાન ધરનાર ગજસુકુમાર મુનિને હણનાર તેનો સાસરો સોમલ નામનો ( દ્વિજ ) બ્રાહ્મણ નગરના દરવાજામાં પેસતાં સન્મુખ કૃષ્ણ મહારાજને દેખી હૃદય સ્ફોટથી મરણ પામી સાતમી નર્કે ગયો, તે રાજદંડ ભય કહેવાય. તથા યોગશાસ્ત્રને વિષે તથા શ્રાદ્ધગુણ વિવરણે શ્રાવકના માર્ગાનુસારી પાંત્રિશ ગુણના અધિકારને વિષે પાપભીરૂ ધર્મને યોગ્ય કહેલો છે, તથા સિદ્ધાંતાદિકને વિષે પણ પાપભીરૂ મોક્ષનું ભાજન ( સ્થાન ) થાય છે તેમ કહેલું છે.

## जयतोऽपि धर्मः

## यतः—

नाविअ जिण वयण रसो, नीरू पावासु धम्म रंगिल्लो ॥
समत्त वय समेउ, जीवों सिव भायणं होइ. ॥१॥

**ભાવાર્થ**—ભાવિત છે જિનેશ્વર મહારાજના વચનરસ તે જેણે એટલે ( જાણ્યો છે જિનેશ્વર મહારાજના વચન રસનો સ્વાદ તે જેણે ) એવો તથા પાપ માર્ગથી ડરવાવાળો તથા ધર્મને વિષે રંગાયેલો ( સદ્ધર્મ વાસિત ચિત્તવાળો ) સમ્યક્ત્વવ્રત સંયુકત એવો જીવ મોક્ષનું ભાજન થાય છે. અર્થાત્ મુકિતને મેળવે છે. કેટલાક જીવોને ઉત્પન્ન થયેલો ભય પણ ધર્મને પ્રાપ્ત કરાવવાવાળો થાય છે.

**मेतार्यहंतृ सुवर्णकारवत्, वा, देवकृतत्रयप्रवर्जित मेतार्यवत्**

**ભાવાર્થ**—મેતાર્યને હણનાર સોનીના પેઠે અથવા દેવતાયે કરેલ ભય તેથકી દિક્ષા અંગીકાર કરનાર મેતાર્યની પેઠે.

## दृष्टांतोयथा—

આ ભરત ભારત ભૂમિને વિષે સાંકેત નામનું નાગર છે. અને તે નગરનો સ્વામી ચંદ્રાવતંસક [illegible] રાજા હતો, તેને પહેલી સુદર્શના અને બીજી પ્રિયદર્શના નામે બે રાણીયો હતી. પહેલી [illegible] સુદર્શનાને સાગરચંદ્ર તથા મુનિચંદ્ર નામના બે પુત્રો હતા, તથા બીજી રાણી પ્રિયદર્શનાને ગુણચંદ્ર તથા બાલચંદ્ર નામના બે પુત્રો હતા. ચંદ્રાવતંસક રાજાયે મોટા પુત્ર સાગરચંદ્રને યુવરાજ પદવી આપી. યુવરાજ પદે સ્થાપ્યો, અને અવંતીનું રાજ્ય બીજા મુનિચંદ્ર કુમારને આપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્યદા પ્રસ્તાવે ચંદ્રાવતંસક રાજા પોતના ઘરને વિષે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યો, ને એવી રીતે નિયમ કર્યો કે ઘરને વિષે આ દીપક ( દીવો ) જ્યાં સુધી નિર્વાણ ન પામે ( બુજાઇ ન જાય ) ત્યાંસુધી મ્હારે કાઉસ્સગ્ગ ધ્યાન હો. આવો અભિગ્રહ ધારી પોતાને ઘરને વિષે રહ્યા. એવામાં અંધકારને વિષે રહેલા એવા મ્હારા સ્વામીને કષ્ટ થશે તેમ માંથાઓ. (થાવ નહિં) એવા અધ્યવસાયથી ( વિચારથી ) પ્રહરે પ્રહરે એટલે એક એક પ્રહોર રાત્રિ વિત્યા પછી દીપકો કરનાર માણસે દીપકને તેલથી સંપૂર્ણ કર્યો, તે કાળને વિષે રાજા સદ્ ધર્મ ધ્યાન રૂપી દીપિકાને આગળ કરી ભાવવ્રતને વિષે આરોહણ થઇ, રાત્રિના અંતે પરિસહ સહન કરવાથી વૃક્ષની શાખા જેમ તુટી પડે તેમ નીચે પડી ગયો, અને શુભ ભાવના ભાવતો થકો સ્વર્ગે ( દેવલોકને ) વિષે ગયો.

તે અવસરે રાજ લોકોએ રાજ્યને વિષે સાગરચંદ્રને સ્થાપન કરવા માંડયો,પણ દિક્ષા અંગીકાર કરવાની વૃત્તિવાળો તે રાજ્યને વિષે હર્ષ પામ્યો નહિં. આ અવસરે પોતાની શોકય માતા ( અપરમાતા ) ને સાગરચંદ્રે કહ્યું કે હે માત! તહારા પુત્રને હું રાજ્ય આપું છું તે તું ગ્રહણ કર. મ્હારે દિક્ષા લેવી છે. આવી રીતે કહેવાથી પણ છોકરાઓ બાળક છે. રાજ્ય કેવી રીતે કરશે. એમ ધારી અપરમાતાએ રાજ્ય લીધું નહિં.

અન્યદા અનુક્રમે સાગરચંદ્રના રાજ્યની વૃદ્ધિ થતી નિરંતર દેખીને સાગરચંદ્રની અપરમાતા દ્વેષથી ખરાબ અધ્યવસાય વાળી થઇને ચિંતા કરવા લાગી કે રાજ્યને આપતા છતાં પણ મેં લીધુ નહિ તે બહુજ ખોટું કર્યું, આવી રીતે પશ્ચાતાપને કરી સાગરચંદ્રને હણવા માટે ઉત્સુકતાવાળી થઇ તેના છિદ્રો શોધવા લાગી. અન્યદા સાગરચંદ્ર રાજ ઉદ્યાનને વિષે ગયો ત્યારે ર· સોયાને કહેતો ગયો કે સિંહકેશરી મોદક ( લાડુ ) દાસીના હસ્તને વિષે આપી ઊદ્યાનને વિષે મોકલાવજે, તેમ કહી જવાથી રસાયાએ સિંહકેશરી મોદક દાસીના હાથમાં આપી મોકલાવ્યા. તેવામાં દાસીના હાથમાં મોદક દેખી અપર માતાએ દાસીને કહ્યું કે તહારા હાથમાં શું છે લાવ હું જોઉ—એમ કહી દાસીના હાથમાંથી લાડુ લીધો ને પોતાના હાથને વિષે રહેલા વિષ વડે કરી લાડુને મસળી ( ચોતરફ લેપ ) કરી દાસીને પાછો આપ્યો. દાસીયે તે લાડુ રાજાને આપ્યો. રાજાયે તે લાડુ પોતાના પાસે રમતા અપર માતાના ક્ષુધાતુર બન્ને પુત્રને સમભાગે ( અર્ધ અર્ધ ) વહેંચી આપ્યો. તે મોદકને ભક્ષણ કરતાં તુરતજ બન્ને બાળકો વિષનો આવેશ ( ઝેર ) ચડવાથી મૂર્છાને પામ્યા. રાજાયે મહા વૈદ્યોને તુરત બોલાવ્યા તેમણે, સ્વર્ણપાનાદિક કરાવી ઔષધી વપરાવી મૂર્છા રહિત કર્યા.

રાજાયે દાસીને વિષનું કારણ પુછવાથી તેણે કહ્યું કે, આ બાલકોની માતા ત્હારી અપર માતાએ તે લાડુ મ્હારા હાથમાંથી લઇ સ્પર્શ કરેલો હતો. તે અવસરે અપર માતાને બોલાવી કહ્યું કે, રે પાપિણિ! તેં આ શું કર્યું? હું તને પ્રથમથીજ રાજ્ય આપતો હતો. તે તેં લીધું નહિ. હાલમાં તું મને ઝેર આપી લગાર માત્ર પણ ધર્મ કર્યો નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા મને નર્કમાં નાખેલો કર્યો હત. આવી રીતે કહી વૈરાગ્યવંત થઇ તેના પુત્રને રાજ્ય આપી **સાગરચંદ્રે દિક્ષા અંગીકાર કરી.**

અન્યદા અવંતીનગરીથી આવેલા સાધુઓને પૂછયું કે ત્યાં સુખ છે? ત્યારે મુનિયો કહેવા લાગ્યા કે ત્યાં રાજાનો પુત્ર તથા પુરોહિતનો પુત્ર બન્ને જણા પાખંડીયોની જેમ મુનિયોને પીડા કરે છે. આવા વચનો સાંભળી તરતજ **સાગરચંદ્ર** મુનિ અવંતીનગરીમાં આવ્યા. ત્યાં આતિથ્યને કરનાર ( નવીન આવેલા સાધુની ભક્તિ કરનારા ) બીજા મુનિયોયે આહાર લાવવાનું પુછ્યું, ત્યારે મુનિયે કહ્યું કે હું આત્મલબ્ધિથી એટલે ( મહારી જાતેજ ) લાવીશ. એમ કહી પોતે ભિક્ષા માટે ચાલ્યા. સ્થાનને દેખાડનાર ક્ષુલ્લક મુનિરાજા તથા પુરોહિતનું સ્થાન બતાવી પાછો વળ્યો. ત્યાર પછી **ધર્મલાભ**–આ પ્રકારના શબ્દને મોટા સ્વરથી ઉંચે સાદે બોલતા મુનિ તેના ઘરમાં પેઠા. ( રાજાના ઘરમાં પેઠા. ) તે અવસરે તમો ઉંચે સાદે બોલો નહિ, એમ કહેતી રાણીયો બહાર નીકલી. તે સમયે મુનિના શબ્દને સાંભળી બન્ને જણા ( રાજા તથા પુરોહિતના પુત્રો ) ઉપરથી નીચે આવી મુનિને ઉપર લઇ ગયા, અને કહ્યું કે નાચતા આવડે છે કે? ઉત્તરમાં મુનિયે જણાવ્યું કે, હા. પણ હું નાચું છું ને તમો વાજિંત્ર [તાલ] વગાડો. તે વખતે હસ્તતાલને બરાબર નહિ વગાડનારા બન્ને જણા દુષ્ટોના હાથ તથા પગના તલીયાથી હણીને શરીરની સંધિયો [ સાંધાનો નસો ] ને ઉતારી દઇ મુનિ ઉદ્યાનને વિષે આવ્યા.

તે અવસરે બન્ને પુત્રોની આવી સ્થિતિ જોઇ રાજાયે જાણ્યું કે ક્યાંકથી સાગરચંદ્ર મુનિયે આવીને આ કર્ત્તવ્ય કરેલું છે. એમ જાણી ઉદ્યાનમાં આવી નમસ્કાર કરી મુનિરાજને કહ્યું કે હે પ્રભો! બાલકો ઉપર દયા કરી સજ્જ કરો, ત્યારે મુનિયોયે કહ્યું કે અમારો અપરાધ કર્યો હોય તો અમો સહન કરીયે પણ અમોયે તેને કાંઇ પણ કરેલ નથી. બીજા મુનિ આજે અહિંયા આવેલા છે તેને પુછો. ત્યારે સાગરચંદ્ર મુનિ પાસે જઇ નમસ્કાર કરી પુત્રોના ઉપર દયાભાવ રાખી સજ્જ કરવાનું કહ્યું ત્યારે મુનિયે કહ્યું કે હે રાજન્ તું તેનો અપરાધ સહન કરે છે, પણ હું તેમના અપરાધને સહન કરવાનો નથી. જો બન્ને જણા વ્રત અંગીકાર કરે તોજ સજ્જ કરૂં અન્યથા તેમનું મરણજ થવાનું છે તે જાણજે. રાજાયે તે બન્ને જણાને પુછવાથી તેમણે હા પાડી ત્યારે મુનિયે આવી સંધિયો ( સાંધા ) ચડાવી બંનેને દિક્ષા આપી અન્યત્ર વિહાર કરી ગયા.

ત્યારબાદ જે રાજપુત્ર છે તે તો વિચાર કરે છે કે અહો આ દિક્ષા મને હિતકારી છે. પણ પુરોહિતનો પુત્રતો વિચારે છે અહો વિજાતિ ( અપર જાતિ) આ છે. અર્થાત્ કયાં હું પવિત્ર બ્રાહ્મણ અને કયાં આ મલીન સાધુપણું. આવી રીતે જુગુપ્સા નિંદા કરતો થકો સંયમ પાળવા લાગ્યો. અનુક્રમે મરીને બંને જણા સ્વર્ગે ગયા, ત્યાં બંને જણાએ અરસપરસ એવી રીતે સંકેત કર્યો કે આપણા બંને માંથીજે કોઇ વહેલો ચવે, તેમને બીજાયે એટલે ( દેવલોકમાં ) રહેલાયે આવીને પ્રબોધ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે કર્મના યોગે પહેલો બ્રાહ્મણનો જીવ ચવ્યો અને સંયમની નિંદા કરવાથી રાજગ્રહ નગરને વિષે મેતીની કુક્ષિ ( અત્યંજ ઢેડ ) નીચ જાતિની કુક્ષિને વિષે ઉત્પન્ન થયો. કહ્યું છે કે જાતિ આદિનો મદ કરનાર પ્રાણી નીચકુલના અંદર ઉત્પન્ન થાય છે.

यतः उक्तं ।। श्री योगशास्त्रे श्री हेमचंद्र प्रभुपादैः
जातिलाभ कुलैश्वर्य, बलरूप तपःश्रुतैः,
कुर्वन्मदं पुनस्तानि, हीनानिलभतेजनः, ।। १ ।।

**ભાવાર્થ**—જાતિ મદ, લાભ મદ, કુલ મદ, ઐશ્વર્ય મદ, બલ મદ, રૂપ મદ, તપ મદ, અને જ્ઞાન મદ કરનાર પ્રાણી તેને ફરીથી હીન પામે છે એટલે ( આઠ મદ માં હરકોઇનો મદ કરનાર પ્રાણિ ભવાંતરમાં ઉંચા પણાને–સારા પણાને દૂર કરી નીચા પણાને પામે છે. )

તેમજ આ બ્રાહ્મણનો જીવ મેતીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. હવે ત્યાં વસતો ધન નામનો શ્રેષ્ટિ તેની સ્રી નિંદુહતી ( જેટલા સંતાન થાય તે મરણ પામેલા થાય ) તેને નિંદુ કહે છે. તે નિંદુનું ઘર મેતીની ઝુંપડીના સન્મુખ હતું. શ્રેષ્ટિની સ્રીના ઘરનું કામ કાજ કરતા મેતીને તેના સાથે પ્રીતિ થઇ. બંનેને સમાન ગર્ભ રહેવાથી એકજ દિવસે પ્રસવ થયો. પ્રીતિવાલી મેતીયે શ્રેષ્ટિની સ્રીને પોતાને પુત્રનો પ્રસવ થયોહતો તે એકાંતે આપ્યો ને મરણ પામેલી પુત્રી પોતે લીધી. મેતીનો પુત્ર હોવાથી શ્રેષ્ટિ સ્રીયે તેનું નામ મેતાર્ય પાડ્યું. હવે તે મેતાર્ય ત્યાં વૃદ્ધિ પામ્યો અને સર્વે કળાને શીખ્યો. તે અવસરે દેવતાયે સ્વપ્નને વિષે વ્રત લેવરાવવા માટે ઘણો બોધ કર્યો, પણ પૂર્વ ભવમાં ચારિત્રની જુગુપ્સા કરવાથી લગાર માત્ર પણ વ્રત લેવાની ઇચ્છા થઇ નહિ. અન્યદા તે મેતાર્યને આઠ મનોહર કન્યાઓ પરણાવી. તે કન્યાઓ સહિત મેતાર્ય વૈમાનને વિષે દેવની જેમ શિબકાને વિષે બેશી સમગ્ર નગરમાં ફરવા લાગ્યો. તે અવસરે પ્રબોધ કરવા નિમિત્તે જે મેત (અત્યંજઢેડ) હતો તેના મુખમાં દેવે પ્રવેશ કર્યો તેથી તે રૂદન કરતો બોલ્યો કે જો મહારે પુત્રિ હત તો હું પણ ધામધુમથી તેના લગ્ન કરી પરણાવત. આ પ્રકારના પોતાના સ્વામીના વચનો સાંભળી મેતીયે યથાર્થ વાત પોતાના સ્વામીને કહેવાથી રૂષ્ટ થયેલો મેત પગે ઝાલીને શિબિકાથી મેતાર્યને નીચે પાડી, લોકોને કહેવા લાગ્યો કે આ મહારો પુત્ર છે, મહારી સ્રીને ધૂર્ત એવી શ્રેષ્ટિની સ્રીયે ભોળવીને ધૂર્ત્તાઇથી આ પુત્રને લઇને મરેલી બાલિકા આપી છે. મહારો પુત્ર બીજાથી કેમ લેવાય માટે મહારો પુત્ર મેં અંગીકાર કર્યો છે. આવી રીતે દેખાવ થવાથકી શ્રેષ્ટી પૈસા પાત્ર છે એમ જાણી લોકો મૌનપણું ધારણ કરી રહ્યા. કહ્યું છે કે જે માણસ પાસે લક્ષ્મી હોય છે તે માણસ ગમે તેવી પ્રકૃતિનો અથવા પરિણતીનો હોય તો પણ લોકો લક્ષ્મીના તેજમાં દબાઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## यतः—

वंद्यते यदवंद्योऽपि, यदपूज्योऽपि पूज्यते;
गम्यते यदगम्योऽपि, सप्रज्ञावो धनस्यतु. ॥ १ ॥

**ભાવાર્થ**—જે કારણથી નહિ નમસ્કાર કરવા લાયક હોય તે પણ **નમસ્કાર** કરાય છે. નહિ પૂજા કરવા લાયક હોય તે પણ પૂજાય છે, નહિ ગમન કરવા લાયક હોય તે પણ તેના પ્રત્યે પણ ગમન કરાય છે, આ સર્વ પ્રભાવ પૈસાનો જ છે. વળી પણ કહ્યું છે—

## यतः—

त्रयो वृध्धा स्तयो वृध्धा, ये च वृध्धा बहुश्रुताः ॥
सर्वे ते धन वृध्धस्य, द्वारे तिष्टंति किंकराः ॥ ॥ १ ॥

**ભાવાર્થ**—જે માણસો વયોવૃદ્ધ એટલે અવસ્થાએ કરી વૃદ્ધ હોય તે, તથા તપશ્યા કરી શરીરનું જેણે શોષણ કર્યું હોય તે તપોવૃદ્ધા કહેવાય, અને એવા તપોવૃદ્ધ હોય તથા બહુ શ્રુત્ત વૃદ્ધ હોય એટલે સિદ્ધાંતના જાણવાવાળા બહુશ્રુત હોય તેવા બહુશ્રુત વૃધ્ધો તે સર્વે પણ પૈસાપાત્ર માણસના ઘરના આંગણાના દ્વાર કહેતા બારણા પાસે ભિક્ષા માંગનારા લોકોના પેઠે કિંકરા કહેતા દાસો થઈને બહેસે છે.

**વિવેચન**—પૈસાપાત્ર માણસ વ્યસની હોય તો પણ નિર્વ્યસની કહેવાય છે, અજ્ઞાની હોય તો પણ જ્ઞાની કહેવાય છે, લોભી હોય તો પણ નિર્લોભી કહેવાય છે, મૂર્ખ હોય તો પણ ડાહ્યો કહેવાય છે, અસત્યવાદી હોય તો પણ સત્યવાદી કહેવાય છે, નિર્ગુણી હોય તો પણ ગુણી કહેવાય છે, અંધ (આંધળો) હોય તો પણ દેખતો કહેવાય છે, શઠ હોય તો પણ સરલ કહેવાય છે. કષાયી હોય તો પણ નિષ્કષાયી કહેવાય છે. કિંબહુનાઃ સર્વે વાતે ખોડ કહેતાં લાંછન યુક્ત હોય તો પણ સારો જ કહેવાય છે. આ સર્વે લક્ષ્મી દેવીનો જ પ્રતાપ છે-કહેતા પૈસાનો જ પ્રતાપ છે.

તે પ્રસ્તાવને વિષે દેવતા મેતાર્યને કહે છે કે આટલું આટલું તહારા મસ્તક ઉપર થયું તો પણ હજી બોધ કેમ પામતો નથી ને દિક્ષા અંગીકાર કેમ કરતો નથી. તે અવસરે મેતાર્ય કહે કે હે બાંધવ, તહારૂં કહેવું સત્ય છે પણ આ અપયશના કલંકથી નર્ક કૂપથી (કૂવાથી) જ જેમ તેમ પ્રથમ મહારો ઉદ્ધાર કર. વળી યથાસ્થાને સ્થાપન કર, એટલે શ્રેષ્ટિના પુત્રને સ્થાને સ્થાપન કર. મહારો ગયેલો યશ પાછો મેળવી આપ. તથા રાજાની પુત્રીનું પાણી ગ્રહણ કરાવી દે. ત્યાર બાદ બાર વર્ષે હું નિશ્ચય ચારિત્રને અંગીકાર કરીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વખતે દેવતાએ વિષ્ટાને સ્થાને રત્નને ઉત્પન્ન કરનારો બોકડો મેતાર્યને આપ્યો. તે થકી ઉત્પન્ન થતા રત્નોનો સ્થાલ ભરી મેતાર્યે પોતાના પિતાને આપી કહ્યું કે આ રત્નોનો થાલ રાજાને ભેટ કરી મારે માટે તેની પુત્રીની માગણી કરો. મેતાર્યના પિતાયે તે પ્રમાણે કર્યું, તેથી રાજાએ પોતાના સેવકો પાસે તેનું ગળું પકડાવી કાઢી મુકયો તો પણ રાજાના તિરસ્કારને નહિં ગણતા નિરંતર રત્નનો થાલ ભરી પ્રથમના પેઠે જ રાજા પાસે તેની પુત્રીની પ્રાર્થના કરવા લાગ્યો.

અન્યદા અભયકુમારે તેને પુછ્યું કે આવા રત્નો તહારા પાસે કયાંથી! ત્યારે તેણે કહ્યું કે મહારા ઘરે એક બોકડો છે, તે વિષ્ટને સ્થાને રત્નને જ ઉત્પન્ન કરે છે. અભયકુમારે કહ્યું કે તે મને આપ ત્યારે તેણે આપ્યો ને પ્રાસાદને વિષે બાંધ્યો. રત્નના બદલામાં દુર્ગંધમય વિષ્ટા કરી. અભયકુમારે દેવકૃત માયા જાણી તેને પાછો આપ્યો અને કહ્યું કે તહારા પુત્રને માટે જો રાજપુત્રીની ઈચ્છા છે તો વૈભારગિરિનો માર્ગ મહા વિકટ છે, તેના ઉપર ચડવાને માટે પાવડીયો (પગથીયા) કરાવી દે, તથા અમારા નગરના રક્ષણ માટે સોનાનો પ્રાકાર કહેતા કિલ્લો (કોટ) કરાવી દે, તથા તહારા પુત્રને સ્નાન કરાવવા માટે હાલમાં જ રત્નાકર (સમુદ્ર) લાવી દે. અભયકુમારના કહેવાથી તત્કાલ તેણે સર્વ કર્યું. હવે સમુદ્રના પાણીથી સ્નાન કરાવેલા મેતાર્યને રાજાએ શ્રેષ્ટિને બોલાવીને સોંપી દીધો, તથા પોતાની પુત્રી તેને આપીને મહા અદ્ભુત લગ્ન કર્યાં.

મેતાર્ય નવ સ્રીયોના સાથે પાંચ પ્રકારના સુખને ભોગવતો બાર વર્ષના અવધિને પૂર્ણ કરવા સમર્થમાન થયો, એટલે બાર વર્ષ પૂર્ણ કર્યાં. તે અવસરે દેવતા આવ્યો ત્યારે તેની સ્રીયોયે ફરીથી બાર વર્ષની પ્રાર્થના કરવાથી તેમ કર્યું. ચોવીશ વર્ષના અંતે મેતાર્ય તથા સ્રીયો સર્વે જણાયે દિક્ષા લીધી. મેતાર્ય નવ પૂર્વી થઇ એકલ વિહારીપણે વિહાર કરવા લાગ્યા.

અન્યદા રાજગૃહ નગરને વિષે ગોચરી ફરતા મેતાર્ય મુનિ સોનીને ઘરે ગયા, તે સોની નિરંતર શ્રેણિક મહારાજ ને જિનેશ્વર મહારાજની પૂજા કરવા માટે એકસોને આઠ સુવર્ણના જવ કરે છે. તે જવને કરી રહ્યો તેટલામાં મુનિને ઘરના આંગણામાં ગોચરી આવતા દેખી સોની ઘરને વિષે ગયો. તે સમયમાં ક્રોંચ નામનો પક્ષી સુવર્ણના જવને તત્કાલ ખાઇ ગયો, ચરી ગયો. સોની બહાર આવ્યો જવને નહિ દેખવાથી મેતાર્ય મુનિને પુછ્યું કે, અહિયા જવ પડયા હતા તે તમે અથવા બીજા કોઇએ લીધા છે? તે અવસરે ક્રોંચ પક્ષીને વિષે દયાળુ એવા મેતાર્ય-દયા ધારણ કરી મૌનપણું કરી રહ્યા. મુનિયે ઉત્તર નહિ આપવાથી રોષારૂણ થઇ ચામડાને પાણીમાં (આદ્ર કરી) ભીંજાવીને મુનિના મસ્તક ઉપર વીંટી તડકાને વિષે ઉભા રાખ્યા. તે ચામડું તાપથી સુકાવા વડે કરી, મુનિનું મસ્તક પણ સંકોચાવા માંડયું. અને તેથી તેમના નેત્ર ગોલા હતા, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્કાલ નીકળી જઈને નીચે પડયા. તો પણ કૃપારસના સમુદ્ર અવિચલ ચિત્તવાલા થઈ અસહ્ય વેદના સહન કરી આત્મભાવના ભાવવામાં આરૂઢ થયા.

## यतः—

सह कलेवर खेदमचिंतयन्, स्ववशताहि पुनस्तव दुर्लभा;
बहुतरंच सहिष्यसि जीवहे, परवशो न च तत्र गुणोस्तिते. ॥ १ ॥

**ભાવાર્થ**—હે જીવ તું શરીરના ખેદને સહન કર, કારણ કે તહારેને પુદ્ગલને કાંઈ સંબંધ નથી. પુદ્ગલ જડ વસ્તુ છે. સાત ધાતુરૂપ માટીથી ઉત્પન્ન થયેલું છે, ને માટીને વિષેજ મલવાનું છે તું જ્ઞાન દર્શન ચારિત્ર સહિત છે તથા પુદ્ગલથી ભિન્ન છે, માટે કાય કલેશ સહન કર. કારણ કે, ફરીથી તને સ્વતંત્રપણું મલવું મહા દુર્લભ છે. રે જીવ પરવશ થઈ અનેક પ્રકારે કષ્ટ સહન કરીશ તેમાં તને લગાર માત્ર પણ ગુણ નથી ઇત્યાદિ ભાવના ભાવવા લાગ્યા.

**વિવેચન**—આ આત્મા, સંસારના સમગ્ર બાહ્ય પદાર્થને મહારા માની અનેક પ્રકારે પાપ કર્મ બાંધે છે અને તે પાપ કર્મથી તિર્યંચ અને નર્કાદિકના મહા રૌરવ અને ભયંકર દુઃખને પામે છે. તિર્યંચને વિષે ક્ષુધા, તૃષા, આર પરોણાદિના માર તથા અંકન, તથા નાથવું ઈત્યાદિ અનેક દુર્વચનો તેમજ મારને સહન કરે છે. નર્કાદિકના અંદર પણ છેદન ભેદન તાડન તર્જન તથા બળવું, વૈતરણી નદીમાં ભળવું, સ્વમાંસનું ખાવું, તપ્ત ત્રપુનુ પાન કરવું, અનંતી દુર્ગંધીમાં રહેવું, અંધકારમાં વસવું, યમરાજા કૃત તથા ક્ષેત્ર તેમજ અન્યોઅન્ય ઉત્પન્ન થયેલી વેદનાને પરવશપણે સહન કરવી, તેના અંદર આત્માને બીલકુલ ગુણ થતો નથી. પણ વેદનીનો ઉદય થયે સ્વતંત્રતાથી જરા પણ મનને વિષે ખેદ કર્યા વિના આવેલા અશુભ કર્મને શાંતિથી વેદવાતેથીજ કર્મની મહા નિર્જરા થાય છે ને આત્માને મહા લાભ થાય છે.

આવી ભાવના ભાવતા પરમ દયાળુ મેતાર્ય મુનિ મહારાજ ક્ષપક શ્રેણિ ઉપર આરોહણ થઈ અંતકૃત કેવલી થઈ સિદ્ધ સદનને વિષે બીરાજમાન થયા અર્થાત્ મુકિત સુખને પામ્યા.

એવા પ્રસ્તાવને વિષે કોઈ માણસ લાકડા કાપતો હતો, તેનાથી કાષ્ટનો ટુકડો ઉડીને ઉછળ્યો તે જવને ચરીને વૃક્ષ ઉપર ચડીને બેઠેલ ક્રૌંચપક્ષીના કંઠને વિષે લાગવાથી ભયભીત થયેલા ક્રૌંચપક્ષીયે જવને વમી કાઢયા. તે જવને દેખવાથી સોની ખેદ કરવા માંડયો. હા ! હા ! હું હણાઈ ગયો. મેં મૂઢપણાથી મહા અકાર્ય કર્યું. ! લોકો એકત્ર થયા. મેતાર્યમુનિને મરણ પામેલા દીઠા. રાજાને ખબર પડવાથી રોષારૂણ થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવકોને આદેશ કર્યો કે પાપી સોનીનો કુટુંબ સહિત વધ કરો. તે વખતે જીવિતવ્યની ઇચ્છાવાળા એવા સોનીયે કુટુંબ સહિત દિક્ષા લીધી. રાજાએ કહ્યું કે હે અધમ ! દિક્ષા લેવા થકી તને જીવતો છોડી દઉં છું, પણ જો વ્રતને છોડી દઇશ તો લોખંડના કટાહ ( કડાયાના ) અંદર પચાવીશ. ( પકાવીશ ) એવી રીતે રાજાએ કહેવાથી સોની પણ મુનિવેષમાં સ્થિર થઇ મુનિહત્યાનું પાપ આલોચી નિંદિ ગર્હિ આત્માને તારી શુદ્ધ કર્યો. એવી રીતે સાધુઓયે સર્વે જીવોને વિષે દયાલુ થઇ મેતાર્યમુનિના પેઠે દયાવંત થઈ આત્મશુદ્ધિ કરવી તેજ સારભૂત છે.

## यतः

जो कुंचकावराहे, पाणिदया कुंचगंतु नाइखे,
जीवियमण पेहंतं, मे अज्जं रिसिं नमंसामि. ॥ १ ॥

**ભાવાર્થ**—ક્રોંચપક્ષીનો અપરાધ છતાં પણ પ્રાણિયોને વિષે દયા કરનારા મેતાર્યમુનિયે જવને ભક્ષણ કરનાર ક્રોંચપક્ષીનું નામ સોની પાસે નહિ દીધું. તેવા દયાળુ અને જીવિતવ્યની પણ ઊપેક્ષા કરનાર પરમ કૃપાળુ મહાત્મા મેતાર્યમુનિને હું નમસ્કાર કરૂં છું.

## यतः

निष्फेडिआणि दुन्निवि, सीसावेढेण जस्स अच्छीणि,
नय संजमाउ चलिउ, मे अज्ज मंदर गिरिव्व. ॥ १ ॥

**ભાવાર્થ**—જે મહાપાપિષ્ટ સોનીયે ચામડાને પાણિના અંદર ભીંજાવી જેના મસ્તકના ઉપર વીંટવાથી જેમના બન્ને નેત્રભૂમિ ઉપર પડી ગયા, તો પણ મેરૂપર્વતના પેઠે ધૈર્યવંત એવા અને સંયમથી નહિ પડેલા–ચલાયમાન નહિ થયેલા મહાત્મા મેતાર્ય-મુનિ મહારાજને હું નમસ્કાર કરૂં છું,

એવી રીતે ભયથી પણ મેતાર્યમુનિયે દિક્ષાને અંગીકાર કરી; તે દિક્ષા મેતાર્ય મુનિને નિર્વાણપદ મુક્તિપદ આપવા સમર્થમાન થઈ તો જે પ્રાણિ શ્રદ્ધા સહિત ધર્મનું આરાધન કરે, તે મોક્ષ સુખને પામે તેના અંદર આશ્ચર્ય નથી.

## इति मेतार्य स्वर्णकारयोः संबंधः संपूर्णः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अर्हम्

# " હવે જરા આંખ ઊઘાડો '

## ( આંખ વિના અંધારૂ રે—એ રાગ )

હવે જરા આંખ ઊઘાડોરે,
સૂતેલા જૈનો ! હવે જરા આંખ ઊઘાડો.
અદેખાઇ નિંદ્રા દેવી, યુગો થયા રહ્યા સેવી;
કલહ પડદો આવ્યો આંખ આડોરે..................સૂતેલા જૈનો !

ક્લેશ પટલ દૂર કરી, વિવેકની દૃષ્ટિ પ્રસારી;
જુઓ થઇ ગયો હવે દહાડોરે....................સૂતેલા જૈનો !

જન સહુ કામ કરવા, ચારે બાજુ લાગ્યા ફરવા;
ત્હમે પણ આલસ્ય દૂર ઊડાડોરે..................સૂતેલા જૈનો !

વીતી ગયો પ્રાતઃકાળ, નિશાળે પણ ગયા બાળ;
હવે ત્હમે ઊંઘ આઘી ન્હસાડોરે..................સૂતેલા જૈનો !

ન્હાની જે વયના બાળો, તેમની તરફ નિહાળો;
પૂરી દીધો અજ્ઞાન તણો ખાડોરે..................સૂતેલા જૈનો !

ઘરડી ઊમરના થઇ, હજુ પણ રહ્યા સુઇ;
" વીર— પૂત્ર" નામ ન બગાડોરે..................સૂતેલા જૈનો !

જો નહિં હવે જાગો, અને નહિં ધંધે લાગો;
તો ' વળશે ન કેમે ત્હમ દહાડોરે..................સૂતેલા જૈનો !

આંખ મીચી ઊંદર જેમ, લોટયા કરશો આમ તેમ;
કરી જશે કવળી કાળ બીલાડોરે..................સૂતેલા જૈનો !

પ્રમાદ પથારી ત્યાગો, ઊઠો હવે ઊદ્યમે લાગો;
**જિન—વિજય** નો ડંકો વગાડોરે..................સૂતેલા જૈનો !

સેંકડો વર્ષોથી લાંબી સમાધિ લઇ, ઘોર નિદ્રામાં નિદ્રિત થએલા જૈનો! હવે તો જરા જાગો ! હવે તો થોડી આંખ ખોલો! હવે તો સમાધિ મુકી કાંઇ બોલો! કુંભકરણની પરમ પ્રિયા એ રાક્ષસી રાણીના ઉંડા ખોળામાંથી હવે તો માથું જરા બાહાર કાઢો! હવે તો એ મહા માયાનો ખોળો પણ તમારા ભારથી ભરાઇ ગયો છે, માટે દયા કરી એને પણ ક્ષણભર વિશ્રાંતી લેવા માટે દંડકારણ્યની દૃષત્ સિલારૂપ શય્યા ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શયન કરવા દો? '**खामेमि सव्वे जीवा! खामेमि सव्वे जीवा!**' ના કાળી કોયલની માફક ફક્ત કંઠમાંથી જ કલરવ કરનારા, અને પોપટની જેમ હૃદયશૂન્ય થઇ રટણ કરેલા રામ નામ સમાન "**मित्ति मे सव्वजूएसु! मित्तमे सव्व जूएसु!**" ના પાઠને પુકારનારા એ નામધારી જૈનો! હવે તો આ ઇર્ષ્યા રંડાનો ત્યાગ કરો! એના પાપી પ્યારને પરિહરો! ઘડીઓ નહીં, પ્રહરો નહીં, દિવસો નહીં, માસો નહીં, પણ વર્ષોના વર્ષો અને યુગોના યુગો આપણા આપસ આપસની અદેખાઇ, પરસ્પરની ઇર્ષ્યા અને અસહિષ્ણુતારૂપ રાક્ષસી નિદ્રામાં ઉંઘતા ઉંઘતા વીતી ગયા. સહસ્રો વાર સહસ્ર કીરણ ઉદય થઇ, પ્રચંડ તાપ તપી, અન્તે અસ્તાચળના શિખરની આડમાં ભાનુ અદૃશ્ય થઇ ગયો. હજારો વાર હિમાંસુ નિશાકર પૂર્વમાં પ્રગટી, રજનીના રૂપને રૂપેરી બનાવી, અનેકના આત્માઓને આનંદિત તેમજ નિરાનંદ કરી, નિશાંતે નિસ્તેજ થઇ ઉદધિના ઉંડા ઉદરમાં ઉતરી ગયો, તો પણ તમે તો મૃત્પિંડની માફક, ચેતના રહિત, આળસુઓના અગ્રણી થઇ, એમના એમ પડી રહ્યા છો? વળી કોઇ રીતે સર્વ નાશક સમાધિમાં વિઘ્ન ન પડે તેટલા માટે પારસ્પરિક-કલહ, ગણ, ગચ્છ અને સામ્પ્રદાયિક ઝગડાઓ રૂપ મજબૂત ખુબ સજ્જડ પડદો મ્હોડા ઉપર એવો તમે ઢાંકી રાખ્યો છે કે જેના પ્રતાપે જગત્‌માં શું થઈ રહ્યું છે, અંધકારથી ભયાનક એવી રાત્રિ રાજિ રહી છે, યા દેદીપ્યમાન દિનકરની સહસ્રો કીરણોથી સુવર્ણ સમાન તેજોમય દીવસ દીપી રહ્યો છે, તેનું પણ ભાન થતું નથી. જગત અવિદ્યાના અંધકારમાં ઉંઘી રહેલું છે કે પ્રગતિના પ્રકાશમાં પૂર જોસથી ઉદ્યમમાં મચી રહ્યું છે તેની કશી ખબર પડતી નથી. ત્હમારી વિશાળ જૈન ભવનમાં જે ઝગમગતો દિવ્ય જ્ઞાનરૂપ દીવો ચમકી રહ્યો હતો, કે જેના તેજથી તમારૂં જ મંદિર નહીં પણ આસપાસ વસનારા આડોશી-પાડોશીઓના મકાનોનો પણ પ્રકાશમય થઇ, યોગ્યતાથી પણ અધિક અધિક સુંદર લાગતા હતા, તે મહાન્ જ્યોતિ પણ તમારા કુસંપ પવનના પ્રચંડ સપાટાથી વિલય થઇ ગઇ અને સર્વત્ર અંધકાર વ્યાપી ગયો તેનું પણ ભાન તમને- તમારા મુખાચ્છાદક કલહ પટના પ્રતાપે-હજુ સુધી નથી આવ્યું. તમારા રાજ્ય ભવનના રક્ષકો-દિવ્ય જ્ઞાનધારી મહાન્ પ્રભાવકો કાળ કવલિત થઇ ગયા પછી, નવીન યોદ્ધાઓ -રક્ષકો સ્યાદ્વાદીસિંહો-ના ઉદયને અજ્ઞાન રાક્ષસે સર્વથા ઢાંકી દીધો છે, અને તેથી ત્હમારૂં જગ પ્રખ્યાત જૈન મંદિર રક્ષક હીન થઈ જવાથી દાર્શનિક— તસ્કરો નિસંક પણ તેમાં પ્રવેશ કરી, તમારો અગણ્ય કુટુંબ રૂપ સંપત્તિ હરણ કરી-ભદ્રક જીવોને ફોસલાવી લઇ ગયા છે, અને હવે આંગળીને ટેરવે ગણાય તેટલાજ—નામના ૧૪ લાખજ-ત્હમે સૂન્ય અને અંધકાર મય આ ભવનમાં ઉંઘતા પડયાં છો, તો પણ હજી તમે જાગતા નથી? અનેક યુગોથી દેશ, કાળને અનુકુળ વિચાર અને વર્તનરૂપ સમાર કામ કરાવ્યા વગર પડી રહેલો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમત—અન્ય ધર્મના કુટિલ-કટાક્ષો-અસત્ય આક્ષેપોરૂપ વાણીના પ્રચંડ પ્રહારોથી, તથા જડવાદ રૂપ તોફાની પવનના પ્રબળ આઘાતોથી જીર્ણ-શીર્ણ થઇ, ડગમગી રહેલા, આ તમારા, ઘણા જુના જૈન—ભવનની સંભાળ નહીં લેવામાં આવે તો, તેની શી દશા થશે! તેની પણ હજુ તમને ખબર નથી! માટે એ ઉંઘણીયા જૈનો! હવે જરા આંખ ઊઘાડો! ઇર્ષ્યા રૂપ નિદ્રાને છોડો! અને આપસના કલેશ-રૂપ અપવિત્ર સડેલા પડદાને મ્હોઢા ઉપરથી દૂર કરી, ટંટા ઝગડાઓને અગ્નિ દેવને સમર્પણ કરી-વિવેકરૂપ નેત્રો ખોલી; આસપાસ દ્રષ્ટિ ફેરવી જુઓ! હવે ઊંઘવાનો વખત નથી, ઘણો કાળ વીતી ગયો છે, ઉંઘતા ઉંઘતા અત્યંત નિદ્રા લેવી તે મૃત્યુને મળવા માટે છે. માટે હવે જરા જાગો! નિદ્રા દેવીને રજા આપો! આપસ અંધકારના ઓરડામાં જ એને સોબત સારી છે. હવે તો ત્હમે પ્રકાશના મેદાનમાં ઊભા છો. જો હવે પણ સાન ગુમાવી, એના ખોળામાં પડયા રહેશો, તો દુનીયા તમને અવશ્ય અજ્ઞાન-રાજ્યના મૂર્ખ રાજા જાણશે. માટે લોકાપવાદથી પણ હવે ઈર્ષ્યા રાંડને રજા આપો! જુઓ! હવે અંધકાર વ્યાપ્ત રાત્રિ નથી, પણ જ્ઞાન ભાનુના તેજથી પ્રકાશ પૂર્ણ કરી દિવસ થયો છે. સકળ જન સમૂહ, સમગ્ર માનવસમાજ, પોત પોતાના કર્તવ્યો કરવા માટે, દેશ, સમાજ, અને ધર્મની ઉન્નતિ માટે, ચારે બાજુ ફરવા લાગ્યા છે. યુરોપ-અમેરીકા-આફ્રીકા-અને એશીયા રૂપ ચારે ખંડોમાં પર્યટન કરી રહયા છે. કોઇ દેશના ઉદય માટે, કોઇ સમાજના સુલેહ માટે, અને કોઇ ધર્મના પ્રચાર માટે, એમ જુદી જુદી દિશાએ, જુદા જુદા કર્મ વીરો પોતાના સુપ્રયત્નો સફળ કરવા માટે, અનેક પ્રકારની હીલચાલમાં હચમચી રહ્યા છે. માટે ઓ આળસુ જૈનો! હવે તમે પણ આલસ્ય અસુરની ઉપાસના છોડી, ઊદ્યમદેવની સેવા કરવા તત્પર થાઓ! ત્હમારા એક નહીં, બે નહીં, સેંકડો નહીં, હજારો નહીં, પણ લાખો આત્મ બંધુઓ, સાધર્મિ ભાઈઓ અવિદ્યાના પિંજરામાં પૂરાએલા છે, જેમને દુનીઆનું ભાન નથી, ધર્મનું જ્ઞાન નથી, મનુષ્યપણાનું માન નથી, જીવતા છતાં પણ તેમનામાં જાન નથી, તેમના માટે કાંઇ પણ પ્રયત્ન કરો, જ્ઞાન મેળવવાના સાધનો આપી જ્ઞાની બનાવો, કર્તવ્યા-કર્તવ્યનું ભાન કરાવી મનુષ્યત્વ માટે માની બનાવો, ધર્મના ગૂઢ તત્વો સમજાવી ધર્મા-ભિમાની બનાવો, વ્યહવારમાં કુશળ થઇ, સુખ અને શાંતિપૂર્વક જીંદગી ગુજારે તેવા રસ્તે લગાવી ખરેખરા જૈનો બનાવો. હજારો જૈનો એટલી દુઃખી હાલતમાં છે કે પોતાની પેટ પૂર્તિ પણ મહા મુશીબતે પુરી કરી શકે છે. તો પછી તેઓ પોતાના પૂણ્યહીન પુત્રોને, ગરિબ બચ્ચાઓને, પૂરતા પૈસા લઇ અધીં વિદ્યા વેચનારી હોટલો સમાન સ્કુલોમાં મોકલી, વિદ્યાવાળા અને વ્યહવાર કુશળ, તથા શિક્ષીત અને સુ મનુષ્ય શી રીતે બનાવી શકે? માટે ઓ ધનાઢય ગણાતા શ્રીમાન્ જૈનો! ગાડી-વાડી અને લાડીના મોહમાં મૂર્ચ્છિત થયેલા શેઠીઆઓ! જરા એકવાર મોજ મારવા ખાતરજ, દરદ્વાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંગડી, દેહેરાદુન, લાહોર, દીલ્હી વિગેરે સ્થાનોની મુસાફરી કરી, ત્યાં રહેલા આર્ય સમાજના ગુરૂકુળો, તથા અનેક સ્થાનોમાં સ્થાપન થયેલા મિશન આશ્રમો જોઇ આવો ! હિંદ-વંદ્ય મહાપુરૂષ શ્રીયુત ગોખલેએ સ્થાપન કરેલા, અને પુણ્યવીર પૂનામાં રહેલા, "હિંદ સેવક સમાજ" (સર્વન્ટસ ઓવ ઇંડીયા સોસાઇટી) ના દર્શન કરી આવો ? હિંદુ વિશ્વવિદ્યાલયને માટે જીવતોડ મેહેનત કરનાર, મહામતિ મદન મોહનમાલવીયાની નિરભિમાનતા અવલોકી આવો ! અને પછી એક વખત, નિર્જન વનમાં, નિરાળા બેસી, વિવેક બુદ્ધિથી "તે નરરત્નો શા માટે એમ જીવન ઝોકી રહયા છે." એનો વિચાર કરો; અને પછી તમારૂં અંતઃકરણ જે કરવાનું કહે તે કરો. મેહેરબાનો ! જરા દયા કરી, ધર્મને ખાતર નહીં; કોમના કલ્યાણ માટે નહીં, પણ નામના માટે જ, વાહવાહ કેહેવડાવવા માટે જ, જરા હાથ લંબાવો ! ગરીબોના રકત સોષણ વડે ઉત્પન્ન થયેલા પૈસાની પ્રાપ્તીથી તવંગર બનેલા તમે વધારે નહીં તો રૂપિયા દીઠ ૧ એક પાઇ પણ પાછી તેમના-ગરીબોના હિતને માટે કાઢો !

હજારો અને લાખો માનવ બંધુઓ અન્ન અને અવિદ્યાથી પીડિત થઇ તરફડતાં હોય, અને તેમના સામે તમે-દયા ધર્મની મોટી મોહોર મસ્તકે લગાવી બેઠેલા-મોજમજા માણતા ફરો, મોટર અને ઘોડા ગાડીઓ દોડાવતા ફરો, આકાશની સાથે વાત કરનારા મોટા મકાનોમાં ટેલતા ફરો, એ કાંઇ તમારી સભ્યતા સૂચવતી નથી.

ભલે તમે અહમિંન્દ્ર થઇ મનમાં મલકાયા કરો, પરંતુ વિવેકી દુનીયા તમારે માટે જુદોજ વિચાર બાંધી રહી છે. કુદરત તમારા ઉપર જુદાજ કટાક્ષો નાંખી રહી છે. કુદરતે તમને એ પ્રકારે આસુરી ઉપભોગ કરવા માટે સંપત્તિ નથી આપી, પણ તમે એ સંપત્તિદ્વારા માનવ બંધુઓને હિત કરી શકો તેવા દૈવી ઉપભોગ માટે આપી છે.

કુદરતના કાયદા પ્રમાણે દરેક મનુષ્યનો, દરેક મનુષ્યની સંપત્તિપર સરખો જ હક્ક છે. એક બીજાના સુખ દુઃખનો, એક બીજો ભાગી છે. માટે સકળ જગતને સુખી જોનારા, અને '**सर्वेऽपिसन्तु सुखिनः**' એ મહા વાકયને રટનારાઓ દયા ધર્મિઓ ! બોલતાં બોલતાં તો યુગોના યુગો વહી ગયા, પેઢીઓની પેઢીઓ ખતમ થઇ ગઇ, પણ હવે જરા થોડી ઘણી પ્રવૃત્તિમાં પણ એ વાક્યને મુકો. સર્વને સુખી કરવા તો દૂર રહયા, પણ પોતાના જાત ભાઇઓને જ. સ્વધર્મી બંધુઓનેજ સુખી કરવા પ્રયત્ન કરો. તેમના દુખ દૂર કરો. તેમને ફકત એક જ્ઞાન જ આપો, ધાર્મિક અને વ્યવહારીક ઉચ્ચ કેળવણી આપો, વિજ્ઞાન અને કળા કૌશલ્યમાં કુશળ કરો, કે, જેથી તમારી બધી ફરજો બજાવી ગણાશે. યદ્યપિ દર વર્ષે તમારા ઘરમાંથી હજારો અને લાખો રૂપિયા ધર્મના બહાને, કોમના કલ્યાણને બહાને સ્વાર્થી ઠગો ધુતી જાય છે, અને તમે ભદ્રક ભાવથી હુરીને આપી દેછો, પણ અફસોસ છે કે દુધ મળવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બદલામાં ખારૂં પાણી પણ નથી મળતું, રૂપીયાને ઠેકાણે પાઇ પણ મળતી નથી. અને તેમ થવામાં મુખ્ય અપરાધી પણ તમે જ છો. કારણ કે પાત્ર અપાત્રને વિવેક વગર વિચારે જ ફળનું પરિણામ અસોચેજ માયાવીઓની મીઠી મીઠી વાતોમાં મોહિત થઇ, પોતાની પોકળ કીર્તિમાં પ્રફૂલ્લિત થઇ, પૈસાનો ચઢાવો ચહડાવો છો, કે જેની ચટણીતો તેવા પારકે પૈસે પોતાની કીર્તિકરાવનારાપોતેજ ચાટીજાયછે. માટે હવે પરોપકારી, આત્મ-ભોગઆપનારા, પવિત્ર હ્રદયવાળા, સાચા વીરો પેદા કરો; અને તેમને આગળ કરી સમાજ લગામ તેમના કરકમળમાં સમર્પો. બંધુઓ ! તમારા પિતાની પવિત્ર આજ્ઞા તો ‘ ચાર ઘડી લે પાછલી રાતે ’ ઉઠવાની છે, પણ તમે તે આજ્ઞાની અવજ્ઞા કરી છે અને પ્રાતઃ કાળ પણ વીતી ગયો છે, પ્રગતિનો ઉદય ક્યારનો થઇ ગયો છે, બાળકો પણ નિશાળે ચાલ્યાં ગયાં છે—જેઓ વયે કરી બાળકો નહીં પણ જ્ઞાનમાં, સભ્યતામાં સજ્જનતા અને સહ્રદયતામાં, સદાચાર અને સુનીતિમાં બાળ હતા તેઓ આજે બધી બાબતોમાં પંડીત થયા છે. તમને શિષ્યો બનાવી તેઓ શિક્ષકો થયા છે. જેઓને તમે અસભ્ય અજ્ઞાની અને અનાર્ય કેહેતા હતા, તેમની તરફ જુઓ અને વિચારો કે, તેઓ શું શું કરી રહ્યા છે ? તેઓ જીવદયા માટે જીવતોડ મ્હેનત કરી રહ્યા છે. મનુષ્ય સેવામાટે પ્રાણોની પણ આહુતી આપી રહ્યા છે, ધર્મ પ્રચાર માટે સેંકડો વિદ્વાનોને દેશ પરદેશ મોકલી તન અને ધનથી પૂરેપૂરી મદદ કરી રહ્યા છે, અનાથોના જીવનના આધાર માટે અનેક આશ્રમો સ્થાપન કરી સુખી જીંદગી ગુજારવા સારૂ સાધનો મેળવી આપ્યાં છે.

હવે એ દૃષ્ટિ ત્યાંથી વાળી પોતા તરફ આણો. પોતાનું અવલોકન કરો, અને વિચારો કે તમે આર્ય, સભ્ય, જ્ઞાનવાન્, રાગદ્વેષને જીતનારા જૈન થઇ શું કરી રહ્યા છો ? પરસ્પર એક બીજાની કથણી કે બીજું કાંઈ ? હજારો જુઠી સાચી બનાવી, માયા જાળ, પ્રપંચ રચી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાનીજ કોશીશ કે બીજું કાંઇ ? ધર્મના નામે જુઠા ઝગડા મચાવી રજમાંથી ગજભર ખડું કરી, ફકત પોતાના વેરનો બદલો વાળવા અસત્ય અને અજ્ઞાન પૂર્ણ અક્ષેપો કરી, વિરોધના વિષમય બીજો વાવી, કચેરી અને કોર્ટોમાં ચઢી, વકીલ તથા બારીસ્ટરોના ખીસા ભરી, પૈસાની પાયમલી કરો છો કે, બીજુ કાંઇ ? અરે કલહ પ્રિય અને અકર્મણ્ય જૈનો ! તમારા મ્હોડામાંથી નીકળતાં ’ **समया सव्व भूएसु** ના સુંદર સિદ્ધાંતને સાંભળી, તથા હ્રદય કુંડમાંથી બંધુ દ્રોહ રૂપ જાજ્વલ્યમાન જ્વાળા પ્રસરતી જોઇ, આજની ચતુર અને વિવેકી પ્રજા તમારા વિષે કેવા કેવા વિચારો વદતી હશે ! ખરેખર કળીયુગની કર્મ શુન્ય કરનારી ઇર્ષ્યારૂપ ક્રૂર રાક્ષસીએ તમો જૈનો—તેને વિશેષ યાદ કરનારા, તેમજ તેનાથી ડરનારા—ઉપરજ વિશેષ કોપ કર્યો, તમારોજ ભોગ તેણે પ્રથમ લીધો. શ્રીમાનો, લક્ષ્મિના નિધાનો ! હવે બહુ થયું ! સબુર કરો ! ખુબ લક્ષ્મીનો લ્હાવો લીધો ! આ તમારી ઉદારતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ઉદ્ધતા ) હદ ઉપરાંત આગળ વધી ગઇ છે, માટે હવે અહીંથીજ આપ પોતાનો ઊદાર હાથ પાછો ખેંચી લ્યો ? અને સાધર્મી બંધુઓને માટે નહીં, તો, ફકત પોતાના બાલબચ્ચાઓના ખાતરજ, શ્રી દેવીને ભૂ–ગર્ભમાં પધરાવી દો ! ( જોકે તે રહેવાની તો નહીં જ, કેમકે નીતિથી નથી મેળવી. ન્યાય સંપન્ન વૈભવજ નિશ્ચલ રહે છે તથા સન્માર્ગે લાગી શકે છે. )

હે પ્રભો ! હે વીર ! આ તમારા પૂત્રો તરફ દયા દ્રષ્ટિ કરો ! એમને સદ્બુદ્ધિ આપો ! કે જેથી ઇર્ષ્યા નિદ્રામાં મૃતસમ મૂર્ચ્છિત થયેલાઓને કાંઇક જાગૃતિ આવે, અને ઘોર ઉંઘનો પ્રત્યાઘાત કરે.

ઓ ! વીર પુત્રો ! આ નાના નાના છોકરાઓ તરફ જુઓ ! જે જાતિઓ તમારા સુતા પછી જન્મી, જે ધર્મો તમે નિદ્રાના ખોળામાં ઝોલા ખાઇ રહ્યા હતા ત્યારે જ ઉત્પન્ન થયા, જે દેશો તમે ઘુરર ઘુરર કરીને ઘોરતા હતા ત્યારે જ અસ્તિમાં આવ્યા, તે બધા કાલ અને પરમદિવસ જેટલા અલ્પ મર્યાદા વાળા કાળની પહેલાજ જન્મેલા બાળ વય વાળાં જાત, ધર્મ અને દેશોના દર્શન કરો, તેમને નિહાળો, કે તેમની શી હાલત છે, કયી સ્થીતીમાં સ્થિત છે. ૫૦ કે ૧૦૦ વર્ષ પેહેલાં જે ધર્મોના નામો પણ દુનીયાના શબ્દ સમૂહમાં નહતાં તે, આર્ય સમાજ, પ્રાર્થના સમાજ, બ્રહ્મો સમાજ અને થીઓસોફીસ્ટો શું કરી રહ્યા છે ? કયાં સુધી આગળ વધ્યા છે ? કેવા કેવા પુરૂષો તેઓમાં વિરાજી રહ્યા છે? પરંતુ અફસોસ છે કે એ બધા પ્રશ્નો વિચારવાની ફુરસદ, ફુરસદ શું જ્ઞાન પણ આપણને નથી. માટે એમના ઉત્તરો પણ મારેજ કેહેવા પડશે. સાંભળો ! તેઓ પોતાના ધર્મને જગત્‌માં ફેલાવવા માટે, દિન રાત મથી રહ્યા છે, દેશ પરદેશોમાં ઉપદેશકો મોકલી, મોટી મોટી સભાઓ ભરી ગામે ગામ અને શહેરે શહેર સંસ્થાઓ સ્થાપન કરી, જગો જગો, વિદ્વતા ભરેલા જાહેર ભાષણો આપી, વિદ્વાનો પાસે તત્વ પૂર્ણ પુસ્તકો નિબંધો લખાવી, અનેક પ્રકારે તન, મન, અને ધન ખર્ચી ધર્મ પ્રચાર કરવા લાગી રહ્યા છે. મોટા મોટા વિદ્વાનો અને ગ્રેજ્યુએટો કે જેવા તમારામાં તો હજુ જનમ્યાજ નથી–મોટા મોટા હોદ્દાઓની પણ ઉપેક્ષા કરી નિષ્કામભાવે, કેવળ પરોપકાર કરવા ખાતરજ પોતાની અમુલ્ય જીંદગી અર્પણ કરી દીધી છે. ' **वसुधैव कुटुंबकम्** ' કેહેવા માત્રજ નહીં પણ કરીને બતાવી દીધું છે.

બંધુઓ ! એ સઘળું સૂચવનાર કોણ ? એમ કરવા શિક્ષણ આપનાર કોણ ? બીજો કોઇ નહીં. કેવળ ફકત એક જ્ઞાન, એકજ વિદ્યા છે. હજારો વર્ષથી લાખો આત્માઓને પોતાના ભયંકર ઊદરમાં ગર્ક કરી જનાર ભીષણ–કાપ. અજ્ઞાન ગર્તને તેમણે ( ઊપર્યુકત સુપુરૂષોએ ) કલહ, ઇર્ષ્યા, આલસ્ય, કૃતઘ્નતા, ખલતા આદિ અનેક દુર્ગુણ રૂપ કચરા–માટીથી પુરી દીધો, અને તેના ઉપર સદ્ગુણ અને શાંતિરૂપ સુંદર, નંદનવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ, બગીચો બનાવ્યો, તેના સુવૃક્ષોને વિદ્યારૂપ જલ સિંચન કરી, મ્હોટા કર્યાં કે, જેઓ આજે ફળી ફૂલી વિશ્વને સુવાસિત કરવા પોતાની સુગંધી, સુવાસ વગર માગે વીસ્તીર્ણ કરી રહ્યા છે.

પ્રિય જૈનો ! હવે ઘરડા થયા છો, વૃદ્ધ કેહેવાઓ છો, તોપણ બાળકથી વિશેષ ઊંઘણીયા થઇ, પ્રગતિરૂપ સૂર્ય માથા ઉપર આવ્યા છતાં, પણ હજુ લગી ઊંઘીજ રહ્યા છો. જગતના બધા ધર્મોથી પ્રથમ પ્રકટેલા, પહેલા પહેલાં જન્મેલા, સકળ દર્શનોના શિરોમણિરૂપ, જૈન ધર્મના ધારકો હોવાથી વૃદ્ધપણું પામેલા અને **'समयं गोअम मापमाए'** એવો પિતા શ્રી વીર પ્રભુની પવિત્ર આજ્ઞાનો ઉલ્લંઘન કરનારા અનુદ્યમો જૈનો ! અફીણીયા ડોસાની માફક ઝોકા ખાતા થકા હજી લગી પડયા રહી 'વીર–પુત્ર' ના પુણ્યપદને શા માટે વગોવો છો ? એ મહાન્ મુકુટને કેમ કાળો કરો છો ?

એ ખુબ ધ્યાનમાં રાખજો કે ' આ પ્રગતિનો પ્રકાશ પ્રકટે છતે પણ જો ઇર્ષ્યા અને કલહરૂપ ઊંઘમાંથી નહિં ઉઠો, અને ધર્મ તથા ધર્મીઓની ઉન્નતિ કરવારૂપ ધંધે કામે નહીં લાગો, તો તમારો દહાડો વળવાનો નથી. તમારો ઉદય થવાનો નથી.

આંખો મીંચી, કલહ પડદો આડો રાખી, ઊંદરની માફક પાછળ પડયા પડયા આમ તેમ લોટયા કરશો, નેત્રો ખોલી જગ સહામું નહીં જોશો, અને દેશ કાળાનુસાર પોતાની ઉન્નતિના ઉપાયો નહીં કરશો, તો જરૂર પ્રગતિરૂપ કાળ બિલાડો તમારો કવળ કરશે. જગતની નોધમાંથી તમારૂં નામ સદાને માટે કાઢી નાંખશે. પ્રગતિની ગતિનું સૂક્ષ્મ દૃષ્ટીએ અવલોકન કરનારા તત્વજ્ઞાનીઓ નીચે મુજબ જણાવી રહ્યા છે માટે એ ભવિષ્યના ભયંકર ભૂતને માટે વિચાર કરો. એ વિષયમાં એક સાચા વીરપુત્રની હૃદય ગુહામાંથી ગર્જી નીકળેલી ગંભીર ગર્જના વાંચો ? તે વીર યોદ્ધો બ્યુગલ ફુંકી રહ્યો છે કે—

" जैनियोंको विश्वास रहैकि जविषयमें अति शीघ्रही एक प्रबल धार्मिक युद्ध होनेवाला है, जिसमें कि जय और पराजयपर उनका अस्तित्व और नाश निर्भरहै । जैनधर्मके सर्वोत्तम, स्वाभाविक और सर्व कल्याण कारक गुण होने परभी, यदि जैनियोंकी मूर्खता और अकर्मण्य तासे उसका दैवात् पराजय होगया तो, जैनधर्मके प्रचार नहोनेसे सारे जीवोंके अकल्याणका महापाप और अपयश उनके शिर लगेगा ।

આ ગર્જના વાંચી, તેનું વિચાર પૂર્વક મનન કરી પ્રમાદરૂપ પથારી ત્યાગો, અને ધર્મ, સમાજની જેમ ઉન્નતિ થાયતેમ ઉદ્યમ કરવા મંડી પડો અને તન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન,ધન વિગેરે બધું બળ એજ રસ્તે ખર્ચ કરો. અને જગતૂના જીવોના હિતને માટેતેમની અપૂર્વ શાંતિ માટે પરમ દયાળુ શ્રી જીનેશ્વર પ્રભુએ કથન કરેલા વિશ્વજનીન જૈનધર્મનો ડંકો ખૂબજોરથી વગાડોકે જેના પડઘા આખી દુનીયામાં પડી સર્વત્ર જય જયનાદ થાય!

# विविध वचन.

## ધ્યાનમાં રાખવાની બાબતો.

૧ કૃપા કરીને ધ્યાનમાં રાખો કે—આપણા સઘળા સ્ત્રી પુરૂષો એકજ નાવમાં બેઠા છીએ. દરેક દયાનું કામ જે આપણે કરીયે છીએ, અને દરેક દયા–વચન જે આપણે બોલીયે છીએ તેનાથી ફકત બીજાનેજ આનંદ થાય છે, એમ નહિ પણ આપણને પણ આનંદ થાય છે.

૨ આપણે સમગ્ર પ્રાણ--ધારિયો ઉપર, મૂંગા જનાવરો, તથા પ્યારા ભાઇયો ઉપર દયા કરતા શીખવી જોઇએ.

૩ જાનવરો મનુષ્યોનાં દરેક કામમાં સહાય કરે છે. આપણે તેમની સાથે ખરાબ વ્યવહારથી નહિ વર્તવું જોઇએ. તેમને ખાવા માટે પૂરતું ખોરાક, પીવા માટે સ્વચ્છ પાણી, અને રહેવા માટે સફા મકાન આપવું જોઇએ. તેઓ મીઠી વાતો અને પ્રેમને ચાહે છે. તેમના ઉપર કોઇ પણ વખતે વધારે વજન નહિ નાંખવું જોઇએ, તેમજ શકિત ઉપરાંત તેમનાથી અધિક કામ પણ નહિ લેવું જોઇએ.

૪ દરેક પ્રાણીને દયા દ્રષ્ટિથી જુઓ ! અને તેમને બે–જાન ચિજ નહિ સમજો ! જેમકે તેમનો આપણી ઉપર કોઇ પણ પ્રકારનો અધિકારજ નથી. પરંતુ તેમની સાથે ભલાઇથી વર્તો ! કુદરતની દ્રષ્ટિ, તમારા, તથા તેના ઊપર સરખીજ છે, એમ માનો !

૫ જે માણસ દયાવાન્ નથી, તે પૂર્ણ નિર્દયી છે. નિર્દય--હૃદય પાપની ખાણ છે.

૬ કયારે પણ કોઇ પ્રાણધારી–આત્માને તકલીફ દેવાની કોશિશ નહિ કરો ! બીજાને દુઃખ દેવું, એ પોતાના આત્માનેજ દુ:ખીકરવા માટે છે, એ હમેશાં સ્મરણમાં રાખો !

૭ જ્યારે ત્હમે, કોઇની સાથે બુરો વર્તાવ વર્તતો જુઓ, તો, ખરા દિલથી તે બુરા વર્તાવને દૂર કરવાની કોશિશ કરો !

૮ દરેક પ્રાણીની સાથે, એવા આચરણથી ચાલો કે, જેને ત્હમે પોતાના માટે પસંદ કરો છો ! અગર ત્હમે તેજ પ્રાણી છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ જ્યાં સુધી બની શકે, ત્યાંસુધી બીજાને ખુશ રાખવાની કોશિશ કરો !

૧૦ ક્યારે પણ મ્હોંમાંથી અપ્રિય વાક્ય નહિ કાઢો, અને સાદાપણા, તથા પથ્ય-પૂર્વક પવિત્ર જીવન ગાળો !

સર્વ પ્રિય તથા આનંદિત થવાનો આ જ ઉપાય છે ! ! !

## તંદુરસ્તી સાચવવાના પાંચ મુખ્ય નિયમો.

૧ નિયમિત અને માફકસર ખોરાક લેવો.

૨ સ્વચ્છ અને તાજી હવામાં ફરવું.

૩ જરૂર પુરતો શારીરિક અને માનસિક શ્રમ લેવો.

૪ પાચન શકિત અને આંતરાડાનાં ભાગો ખુબ ચોખ્ખા રાખવાં. શરીરની અંદર નકામો ભાગ ભરાઇ રહીને કહોવા ન માંડે અને તે ઝેરી અસર પેદા ન કરે તે માટે પુરતી સાવચેતી રાખવી.

૫ જરૂર જેટલી ઉંઘ લેવી.

## તંદુરસ્તી બગાડવાના પાંચ કારણો.

૧ આસપાસની ગંદકી અને સ્વચ્છતાની ખામી.

૨ હદ ઉપરાંતનો જાદે ખોરાક અને તે બરોબર પચાવવાને પુરતી કસરત ન થઇ શકે તે.

૩ કામકાજને અંગે સ્વચ્છ હવામાં ફરવાનું અને કસરત કરવાનું ન બની શકે તે સબબથી.

૪ દારૂનો ઉપયોગ. ( તથા માંસનો ઉપભોગ. )

૫ ચિંતા. ( નિરંતર ફીકરમાં જ ફરતા ફરવું. )

# મુનિ ઉપદેશની સાર્થકતા.

## મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના ઉપદેશ વડે અન્ય દર્શનીઓને દેખાયેલ જૈન દર્શનની ઉત્તમતા અને તેનો પત્રદ્વારા ખુલાસો.

" સવી જીવ કરૂં શાસન રસી " એ સુત્રમાં સાધુ મહાત્માઓએ કરવો જોઇતો પ્રયાસ. "

આગળના વખત કરતાં હાલમાં વિદ્યાનો પ્રચાર વધવાથી લોકો કંઇક સત્ય શોધક થયા છે તેવા સમયે જેમ અંગ્રેજો, થીઓસોફીસ્ટો અને આર્યસમાજ વિગેરે પોતાનો મત પ્રસારવા કટીબદ્ધ થયા છે અને તેઓમાં તેઓ ઘણી સારી રીતે ફતેહમંદ થયા છે, તેમ થાય છે, તો આપણે જૈનોએ પણ ઉપરના સૂત્ર મુજબ સર્વ જીવોને અરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હંત પરમાત્મા કથિત શુદ્ધ ધર્મના પ્રેમી બનાવવા બનતો દરેક પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે; અને તેમાં પણ ઉપદેશકો એટલે સાધુઓએ અન્ય મતના યોગ્ય અને પાત્ર જનોને શુદ્ધ ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવવા ખાસ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. તેની સાથે યતિઓ પણ તેવો ઉદ્યમ કરવા ધારે તો બની શકે તેમ છે, માટે તેઓએ પણ તેવો ઉદ્યમ કરવો જોઇએ. તેવો ઉદ્યમ કેટલાક મહાત્માઓ કરે છે તે જાણીને ખુશી થવા જેવું છે અને તેથી લાભ થાય છે. અને થયા પણ છે. તેનો ફક્ત એક દાખલો અત્રે જણાવવો જરૂરનો છે.

જગત્ વિખ્યાત પરમ પૂજ્ય શ્રીમાન મુનિ મહારાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજ સાહેબના પ્રશિષ્ય મુનિ મહારાજ શ્રીમાન્ હંસવિજયજી મહારાજ સાહેબના વડોદરેથી અમદાવાદના વિહાર દરમીયાન બે અન્ય મતિઓને ધર્મ સંબંધી ઉપદેશ આપતાં તેઓનાં મન સંતોષ થવાથી તેઓની જૈન ધર્મ ઉપર આસ્તા થઇ તે ઉપરથી તેઓએ મહારાજ સાહેબને પત્ર લખ્યો, તેનો સાર નીચે રૂજબ આ સાથેના પત્રમાં લખાએલ છે.

મુ. રણોલી ગુરૂ મહારાજ શ્રી કુસુમવિજય મહારાજ સાહેબ. લી. મોતીભાઇ દેશાઇભાઇ મૂલ વતની ધર્મજ. સર્વ ધર્મની માહેતી લેતા, કોઈ ધર્મમાં અંતઃકરણ ચોટતું નહોતું. પણ તા. ૨૫–૩–૧૩ ના રોજ શ્રીમંત ગુરૂ મહારાજ શ્રી હંસવિજયજી મહારાજ સાહેબ પધારેલા. તે વખતે, હું આપની પાસે આવેલો. મેં ઘણી ઘણી શંકાઓ હતી તે પૂછી, તેનું સંપૂર્ણ સમાધાન આપે કર્યું. તેથી મારૂં ખરા મનથી ઠસવાથી, ખરો ઉત્તમ જૈન ધર્મ આજથી તા. ૨૬–૩–૧૩ અંગીકાર કરેલો છે. તે જીવીત પર્યંત પાળીશ, કોઇ વાતે મને કોઈ શાસ્ત્ર રીતે ગમે તેવી રીતે સમજાવે તો પણ નહી સમજતાં ખરો મારા અંતઃકરણથી કબુલ કરેલો એવો જે ધર્મ તે હું કોઇ દિવસ ભુલીશ નહિ. આપે મારી શંકાઓનું સમાધાન શાસ્ત્રીય રીતે યુક્તિબંધ ન્યાય રીતે કર્યું છે. તેથી આ ધર્મ અંગીકાર કર્યો છે. કેટલાં વર્ષથી કુગુરૂના ઉપદેશથી મૂર્તિ માનતો નહોતો પરંતુ આપના ઉપદેશથી મારી શંકાઓનું સમાધાન થવાથી મુર્તી માની છે.

આજથી તારનાર એવા ભગવાન અરીહંત મહારાજ છે. તેમને હું માનીશ, પુજીશ. તે સિવના હું કોઇ મીથાત્વી દેવને નહીં માનું, ગુરૂ મહારાજ પંચ મહાવૃતધારી અરીહંત ભગવાનની આજ્ઞા મુજબ વર્તનારા એવા ગુરૂ મહારાજને હું માનીશ. બીજા કુગુરૂને નહીં માનું. ઉપર લખ્યા પ્રમાણે વર્તીશ. એજ.

લી. માસ્તર મોતીભાઇ.

## મહારાજ શ્રી હંસવિજયજી મહારાજ ઉપર આવેલા પત્રનો સાર.

મહારાજ શ્રી કુસુમવિજયજી તરફથી આજે મને કેટલોક સદઉપદેશ થયો. તથા મારી કેટલીક શંકાઓનું નિરાકરણ થવાથી મારા મનને ઘણો એક સંતોષ થયો છે. તેમના માટે ઘણો આભારી થઇ જૈન ધર્મમાં મારી ઘણીજ આસ્થા બંધાઇ છે. તે પ્રતાપ મહારાજ શ્રી હંસવિજયજીનો માનું છું આજે મારી ઘણી શંકાઓ લાંબી મુદતથી મનને વિષે ગોલાઈ રહી હતી તેનું સ્પષ્ટ રીતે વર્ણનથી સારૂ નિરાકરણ થઇ ગયું છે તે માટે તેમને હું પરમેશ્વર તુલ્ય ઉપકારી ગણું છું એજ વિનંતિ.

દયાશંકર મુલદેવરામ વ્યાસ.
સેરીસા સ. ગુ. સા. હેડમાસ્તર.

( મળેલું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોની સંખ્યા ઘટવાના કેટલાક કારણો.

**મે. આત્માનંદ પ્રકાશના તંત્રી જોગ—**

આપના તરફથી પ્રસિદ્ધ થતા માસીકમાં નીચેનો પેરેગ્રાફ જે સરકાર તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ વસ્તી પત્રકમાંથી ઉતારવામાં આવેલ છે કે મુંબઇ ઇલાકામાં જઇનોની વસ્તી તેમજ કેવી તેની સ્થિતિમાં સંખ્યામાં ઘટાડો થાય છે તે જઇન કોમનો અભ્યુદય ઇચ્છતા વર્ગને ઉપયોગી થવા સંભવ હોવાથી પ્રસિદ્ધ કરવા મહેરબાની કરશો.

લી૦ સેવક

નરોતમ બી. શાહ.

મુંબઇ તા.—૨૯-૯-૧૩

Para 115–The third religion numerically in the Presidency is Jainism which claims nearly half a million worshippers. These are mostly found in Deccan & Gujarat, including the Native States of Cutch & Kattiawar, but a few, mostly village money-lenders, are scattered all over the Presidency. The followers of this religion showed a decrease in numbers of 20,000 in the decadeI 891–I901. this falling off continued & eppraciably increased and they now number 44,000 less than in *1901*. a decrement of 9 percent.

Plague will account for the greater part of the loss of I2.000 in the karnatak for 17 000 in the southern maratha country and for some of the deficiency in satara, but the decrement of 18,000 in Gujarati is hard toexplain. in the south of the presidency, the Jains, who are principally of the Chaturth caste, are cultivators, quite different from the shop-keeping class which predominates elsewhere, and have been hard hit by the plague, but there has been no calamity to account for the falling off in number in Gujarat. The Jain does not die during a famine; on the contrary, he grows fat. A reference to the Rajputana & Central India Census figures showed that there could not have been any migration to speak of; indeed, the Rajputana figures also show a decrease. On enquiry with a leading Jain Merchant in Poona the only suggestion offered was that many people had died in Rajputana of a mysterious fever, the description of which seemed very like Pneumonic plague; but such an explanation would not solve the difficulty in this province and the only conclusion is that the Jains have been returning them-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



selves as Hindus though there have been no signs of any such movement so far as Bombay is concerned. The decrease is to be seen in every district except Bombay City ( where in 1901 figures were vitiated by plague ) Poona, Nasik, & Khandesh where the increments are quite small and approximate to the small increase of the population.

Copy from the Report ( Par I ) of Bombay — Cnsus of India *1191* ( Vol *VII* ) published by P. J. Mead & G. Laird Maegregor--in charge Census Operations.

૧૯૧૧ ના મુબઇ ઇલાકાના વસ્તી પત્રકના રીપોર્ટ ભાગ ૧ માંથી લીધેલો ઉતારો. વસ્તી પત્રકના કાર્ય વાહકો પી. જે. મીડ. અને જી. લાર્ડ મેગ્રેગર તરફની પ્રસિદ્ધ થયેલ. પારીગ્રાફ ૧૨૫.

ઇલાકાની અંદર ત્રીજા નંબરનો ધર્મ જૈન ધર્મ છે જેના માનનારાઓ પાંચ લાખને આશરે છે. આમાંનો મોટો ભાગ દક્ષિણ, ગુજરાત અને કચ્છ કાઠીયાવાડના દેશી રાજ્યોમાં જોવામાં આવે છે. પણ આમાંનો થોડો ભાગ જે ગામડામાં ધીરધારનો ધંધો કરે છે. તે ઇલાકામાં સઘળે ઠેકાણે વસેલો છે. સને ૧૮૯૧ થી ૧૯૦૧ સુધીમાં આ ધર્મના અનુયાયીની સંખ્યામાં ૨૦૦૦૦ માણસોનો ઘટાડો થયો હતો. આ ઘટાડો ચાલુ રહ્યો અને પ્રતિ દિવસ વધતો ગયો, અને તે માનનારાઓની સંખ્યા સને ૧૯૦૧ માં જે હતી તેમાંથી ૪૪૦૦૦ માણસો ઘટી ગયા, જેની ગણત્રી કરતાં નવટકાનો ઘટાડો માલૂમ પડયો. કર્ણાટકમાં ૧૨૦૦૦ માણસોનો નાશ થયો. તેઓના મોટા ભાગનું મરણ દક્ષિણ મરાઠામાં ૧૭૦૦૦ માણસોનું મરણ અને સતારામાં કેટલાક માણસોનું મરણ પ્લેગને લીધે થયેલ છે. પણ ગુજરાતમાં ૧૯૦૦૦ માણસોનો ઘટાડો શા કારણથી થયો તે જાણી શકાય તેમ નથી. દુકાનદારનો ધંધો કરનાર વર્ગ જે અન્ય સ્થળે પ્રાધાન્ય ધરાવે છે, તેનાથી તદન અલગ પડતા દક્ષિણ ઇલાકામાં વસતાં જૈનો જેઓ મુખ્યત્વે કરીને ચતુર્થ જ્ઞાતિના છે તેઓ ખેતીનો ધંધો કરનારા છે. અને તેઓ પ્લેગની બીમારીને સખ્ત ભોગ થઇ પડયા છે. પણ ગુજરાતમાં જૈનોની સંખ્યામાં ઘટાડો થવામાં કોઇપણ આફત કારણભુત થઇ હોય એમ દેખાતું નથી. દુષ્કાળને લીધે જૈનોમાં મરણ નીપજતા નથી પણ તેથી ઉલટું તેઓ શરીરે રૂષ્ટ પુષ્ટ જોવામાં આવે છે. રજપુતાના અને મધ્ય હિંદુસ્તાનના વસ્તી પત્રકના આંકડાઓ તપાસતા ત્યાંના વસનારાઓમાંથી કોઇપણ પરદેશ ગયા હોય એમ દેખાતું નથી; ખરેખર રજપુતાનાના વસ્તી પત્રકના આંકડાઓ વળી તેઓની સંખ્યામાં ઘટાડો સુચવે છે. પુનામાં રહેતા એક આગેવાન જૈન વેપારીને પુછતાં તેણે જણાવ્યું કે ન્યુમોનીક પ્લેગને ઘણી રીતે મળતા એક ગુહ્ય તાવથી રજપુતાનામાં ઘણા માણસો મરી ગયા છે; પણ ઉપરોકત ખુલાસો આ પ્રાંત સંબંધીની મુશ્કેલી દુર કરી શકે તેમ નથી. અને છેવટનો નિર્ણય એ થાય છે કે જૈનો હીંદુ તરીકે પોતાની જાતને ઓળખાવતા જણાય છે. જો કે મુંબઇમાં આ હીલચાલનો કાંઇપણ નીશાની જોવામાં આવતી હતી. મુંબઇ શહેર, ( જ્યાં સને ૧૯૦૧માં વસ્તીમાં પ્લેગ ને લીધે ઘટાડો થયો હતો. ) પુના, નાસીક અને ખાનદેશ જ્યાં જૈનોની વસ્તીનો વધારો તદન થોડો છે અને જે લોકોના થોડા વધારાને લગભગ મળતો છે, તે મુલકો સિવાય દરેક ઠેકાણે જૈનોની અંદર ઘટાડો માલુમ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## જૈન કોમની પ્રગતિ માટે એક ખુશાલી ભરેલું પગલું.

સાંભળવા પ્રમાણે હાલમાં કાઠીયાવાડના મુખ્ય શહેર પૈકી **જૂનાગઢ** ખાતે જૈનબોર્ડીંગ, અનાથ આશ્રમ વગેરે ખાતાઓ ખોલવાને-જન્મ આપવાને માટેશેઠ **દેવકરણભાઈ મુળજી**અને શેઠ **નથુભાઇ કૃપારામ** એક મોટી અને સારી રકમની સખાવત કરવા ઉત્સાહિત થયા છે. આવી મોટી ઉદારતા બતાવનારા, અને વર્તમાન સમયમાં પોતાની કોમને જરૂરીયાત પૂરી પાડનારા બંને ગૃહસ્થો આ કાઠીયાવાડ પ્રાંત માટે ખરેખર મૂકુટ સમાન છે. અમો બંને ગ્રહસ્થોને અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપીયે છીયે અને સાથે નમ્ર સુચના કરીયે છીયે કે, જેમ અનેક ખાતાઓમાં આપ ઉદાર હાથ લંબાવો છો તેમજ આના મહત્વના ખાતામાં પણ તેવોજ ઉદાર હાથ લંબાવી આપની ઉકત ખાતા ખોલવાની યોજના પણ મજબુત સંગીન પાયાપર, વ્યવહારૂ અને ઉત્તમ વ્યવસ્થા પૂર્વક થાય તેવા શુભ પગલા ભરશો. હાલ તો એટલુંજ લખી તે ઉત્તમ કાર્યોની સ્થાપના થયેલી સાંભળવા ઇચ્છીયે છીયે.

## એક આનંદદાયક સમાચાર.

પ્રથમ વાલુકડ પણ પાછળથી અત્રે ભાવનગરના રહીશ જૈન બંધુ **નાનાલાલ મગનલાલ મહેતા**એલ. એમ. એન્ડ. એસ. એલ, આર, સી, પી, એમ, આર, સી, એસ. I. M. S ની માનવંતી ડાકટરની ઉંચી પરિક્ષામાં પસાર થયાના આનંદદાયક સમાચાર ગયા માસમાં જાણવામાં આવ્યા છે. આ બંધુ જ્ઞાતે દશા શ્રીમાલી જૈન છે તેઓની ચપલતા-ચંચલતા, ઉદ્યોગીપણું, અને સતત્ અભ્યાસીપણાને લઇને ૧૯૦૪ માં પ્રીવીઅસમાં પાસ થઇ મુંબાઈ ગ્રાન્ડ મેડીકલ કોલેજમાં જોડાયા, જ્યાં ૧૯૦૯ માં પ્રથમ વર્ગમાં એલ, એમ, એન્ડ, એસ. ની ડાકટરી પરિક્ષામાં પસાર થયાં. તેઓને તે વિદ્યામાં આગળ વધવું એવો દઢ આગ્રહ હોવાથી ઇંગ્લાંડ જઇ ડાકટરી અભ્યાસ લંબાવવા અને ઉંચામાં ઉંચી પરિક્ષા ગમે તે ભોગે પસાર કરવાનો ઇરાદો થયો, જે કાર્યમાં નાણાંનો સવાલ મુખ્ય હતો છતાં સદ્ભાગ્યયોગે અત્રસ્થ નિવાસી ઉદાર નર રત્ન અને અત્રેની જૈન કોમના અગ્રગણ્ય ધાર્મિક ગૃહસ્થ શ્રીયુત્ **નરોત્તમદાસ ભાણજી**ની યોગ્ય મદદથી સને ૧૯૧૦ માં ઇંગ્લાંડ ગમન કર્યું, જ્યાં તા. ૨૬-૭-૧૯૧૩ ના રોજ છેલ્લી અને ઉંચી તબીબી પરિક્ષા I. M. S. ની પસાર કરી પોતાનું અદ્ભુત બુદ્ધિ બળ બતાવ્યું છે. અમો આ સભા તરફથી તેઓને અંતઃકરણ પૂર્વક મુબારકબાદી આપીયે છીયે, એટલુંજ નહીં પરંતુ તેઓને યોગ્ય સહાય આપનાર બંધુ **નરોત્તમદાસ ભાણજી** જેકે જૈન કોમની ખરેખરી સેવા બજાવે છે, અને અનેક ધાર્મિક ખાતાઓને પોતાનો ઉદાર લંબાવી સહાય આપે છે તેવા ઉદાર નર રત્નને પણ આ સભા ખરેખર ધન્યવાદ આપે છે.

બંધુ નાનાલાલ જૈન કોમમાં હિંદુસ્તાનમાં બીજા અને કાઠીયાવાડમાં I. M. S. પહેલા છે. છેવટે શ્રીયુત નાનાલાલ ને એટલીજ સુચના કરીયે છીયે પોતાની જ્ઞાતિ અને જૈન કોમને પોતાની બુદ્ધિનો લાભ નિરંતર આપે, પ્રાંતે તેઓના અભ્યુદયમાં વૃદ્ધિ થાઓ એટલું અમો અંતઃકરણથી ઇચ્છી વિરમીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

## શ્રીમાન મુનિ મહારાજ શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાઇબ્રેરી અને સંસ્કૃત પાઠશાળાનો ત્રીજો વાર્ષિક રીપોર્ટ.

અમોને અભિપ્રાય માટે ભેટ મળેલો છે. ઉક્ત રીપોર્ટ અમોએ ઘણાજ સંતોષ અને આનંદ પૂર્વક વાંચ્યો છે. તે ઉપરથી જણાય છે કે આ પુસ્તકાલયનો ઘણા માણસો લાભ લે છે, દિન પ્રતિદિન પુસ્તકોની સંખ્યા પણ વધતી જાય છે. વળી વધારે ખુશી થવા જેવું એ છે કે જૈનેતર પ્રજા પણ તેનો લાભ લે છે. મુંબઇ જેવા બહોળી વસ્તી વાળા નગરમાં પણ એક જનરલ જૈન લાઇબ્રેરીની ખોટ હતી તે આથી ઘણે અંશે પૂરી પડી છે. સ્વર્ગવાસી પૂજ્યપાદ મોહનલાલજી મહારાજનો ઉપકાર પણ મુંબઇમાં વસતી જૈન પ્રજા ઉપર પ્રથમ હોવાથી તેમના સ્મરણાર્થે અને જે વખતે ખરેખરી જરૂરીયાત હતી તે વખતે આ વાંચનાલય અને સંસ્કૃત પાઠશાળાનો જન્મ આપવામાં એક ખરેખરી ધર્મ અને જૈન કોમની સેવા તેના સ્થાપન કરનારાઓએ બજાવી છે. વળી માત્ર ત્રણ વર્ષની ટુંકી મુદ્દતમાં તેની ઉપયોગીતા અને પ્રતિદિન વૃદ્ધિ પણ તે તેના કાર્ય વાહકોનું કાર્ય કુશલપણું બતાવે છે. તેના આ૦ ઓ૦ સેક્રેટરીઓ ખરેખરા ઉત્સાહી કેળવાયલા યુવકો હોવાથી તેઓનો પ્રયાસ પ્રશંસવા લાયક છે. જે સંસ્થાના કાર્યવાહકો લાગણીવાળા, શ્રીમંત, ઉત્સાહી અને બુદ્ધિશાળી હોય તેનું બંધારણ અને ઉદ્દેશ જલદીથી પારપડે અને ભવિષ્યમાં પણ તેની વૃદ્ધિ થાય; તેવીજ રીતે આ સંસ્થાને માટે હોવાથી ભવિષ્યમાં તેની ઉજવળ કીર્તિ માટે આગાહી સુચવે છે, અને અત્યારે તેના કાર્યવાહકો ઉત્સાહીત હોવા સાથે આ પુસ્તકાલયની વર્તમાન—નવીન ભાવના સમજતા હોવાથી લોકોને તે કેમ વધારે ઉપયોગી કરી શકાય તેને માટે પ્રયાસ કરતા હોવાથી ઘણું ખુશી થવા જેવું છે. હાલ આ લાયબ્રેરી અને પાઠશાળાને માટે જૈનોની વસ્તીવાળા લતામાં એક સારૂં વિશાળ મકાન ખરીદ કરવાની જરૂર છે, આ માટે અમોએ ગઇ શાલના રીપોર્ટનો રીવ્યુ લેતાં પણ તેના કાર્ય વાહકોને સુચના કરી હતી.

બાબુ સાહેબ જીવણલાલજી પન્નાલાલજી અને શેઠ દેવકરણભાઇ મુળજી વગેરે આ સંસ્થાના કાર્યવાહકોને જણાવવા રજા લઇએ છીએ કે ખરેખરી રીતે મકાનની જરૂરીયાત જે આ સંસ્થાને છે, તે તેઓ હવે જલદીથી પુરી પાડવા પ્રયાસ કરી સ્વર્ગવાસી પૂજ્યપાદ ઉક્ત મહાત્માની ગુરૂ ભક્તિમાં વૃદ્ધિ કરશે. છેવટે દરેક રીતે અમો આ પુસ્તકાલય અને પાઠશાળાનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

## શ્રી રાંધનપુર જૈન મિત્રમંડળનો સંવત ૧૯૬૮—૬૯ ની શાલનો દ્વિતીય વાર્ષિક રીપોર્ટ.

આ મંડલનો બીજો વાર્ષિક રીપોર્ટ અમોએ સંતોષ અને આનંદ પૂર્વક વાંચ્યો છે. મંડળની સ્થાપના વખતે માત્ર રાંધનપુરના જૈનોમાં કેળવણીનો વધુ પ્રચાર કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો. પરંતુ તે સાથે સ્ત્રી કેળવણી વધારવાનો, લાચાર સ્થિતિમાં આવી પડેલા સ્વધર્મીઓને મદદ કરવાનો, જાહેર જૈન સવાલો ચર્ચી ઉચિત પગલાં ભરવાનો અને પાંજરાપોળની સ્થિતિ સુધારવા વગેરે કાર્યો પણ સાથે કરવાનો ઉદ્દેશ જણાય છે. આ મંડળને હસ્તિમાં આવ્યા માત્ર બે વર્ષ થયાં છતાં ઉમંગી અને કાર્ય સાધકપણું તેના કાર્યવાહકોનું જણાય છે. આ મંડળનો જન્મ આપનાર શેઠ મોતીલાલભાઇ મુળજી છે કે જેણે શરૂઆતમાં જૈનોની કેળવણી અર્થે રૂ. વીશ હજારની રકમ બક્ષીસ કરેલી છે.

આ મંડળના કાર્ય વાહકો શ્રીમંત ઉત્સાહી અને સમજુ હોઇને તેના ઉદ્દેશ, બંધારણ અને કાર્યવાહી માટે ભવિષ્યમાં પણ સારી આગાહી સુચવે છે. ભવિષ્યમાં અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only